જાન્યુઆરી, ફેબ્રુઆરી ૨૦૨૬

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ

શ્રી મહાલક્ષ્મી મંદિર, કાલોલ

શ્રીગૌડ જાગૃતિના દ્વિમાસિક અંક માટે સ્પોન્સરશીપ તરીકે ૩. ૧૦૦૦૦/- આપનાર દાતાઓ

રાજેશ પંડ્યા 'રાજ',
તંત્રી શ્રીગૌડ જાગૃતિ

ડો. બિરેનભાઈ પાઠક
ઘોઘંબા

રમેશચંદ્ર નરેન્દ્રકુમાર પાઠક
ઘાટલોડિયા, અમદાવાદ

ગુપ્ત દાતાશ્રી

મિત્રો, સમાજના શ્રેષ્ઠી
શ્રી બંધુઓ શ્રીગૌડ જાગૃત્તિ નિભાવ ખર્ચની
સ્પોન્સરશીપ માટે આગળ આવે એવી એક ઉચ્ચ ભાવના.

श्री महालक्ष्म्यै नमः उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત. રજી. નં. A/3352, Ahmedabad

શ્રીગૌડ જાગૃતિ
મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી ધ્રુવકુમાર જોશી, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

જાન્યુઆરી, ફેબ્રુઆરી-૨૦૨૬ | www.sssgujarat.org

પ્રમુખ

શ્રી ધ્રુવકુમાર જોશી

મો. 99099 49460

મંત્રી

શ્રી યોગેશ શુક્લ

મો. 98240 58799

ખજાનચી

શ્રી વિનીત દવે

મો. 97250 97807

તંત્રી

શ્રી રાજેશ પંડ્યા 'રાજ'

મો. 94286 04119

તંત્રી મંડળ

શ્રી રાજેશભાઈ પંડ્યા

શ્રી વિપુલભાઈ વી. દવે

શ્રી દિગિશ દવે

અનુક્રમણિકા

૧.	શ્રીગૌડ જાગૃતિના દ્વિમાસિક અંક માટે સ્પોન્સરશીપ આપનાર દાતાશ્રીઓ		૦૨
૨.	તંત્રી લેખ	રાજેશ પંડ્યા-રાજ	૦૫
૩.	સહયોગ અપીલ	તંત્રીશ્રી	૦૬
૪.	વરદાયિની માતા, રૂપાલ, ગાંધીનગર	તંત્રીશ્રી	૦૭
૫.	બુટભવાની મંદિર, અરણેજ	તંત્રીશ્રી	૦૮
૬.	જક્ષણી માતા મંદિર, સાદરા	તંત્રીશ્રી	૦૯
૭.	ભવનાથ મંદિર, મઉ, ભિલોડા	તંત્રીશ્રી	૧૦
૮.	જાહેરાત - Adverzo Digital Marketing		૧૧
૯.	જાહેરાત - વરદાન ક્લીનીક અને ગર્ભ સંસ્કાર કેન્દ્ર		૧૨
૧૦.	સિદ્ધિ સોપાન		૧૩
૧૧.	જાહેરાત - શિવમ પાર્ટી પ્લોટ, શ્રી વિદ્યામંદિર વિદ્યાલય		૧૯
૧૨.	જાહેરાત - ઉડાન સ્કૂલ		૨૦
૧૩.	જાહેરાત - એમરાલ્ડ ડેવલપર્સ		૨૧
૧૪.	જાહેરાત - ટ્રોપીકલ સોલાર એનર્જી		૨૨
૧૫.	સમાચાર સંચય		૨૩
૧૬.	નવા હોદ્દેદારોની નિમણૂંક		૨૪
૧૭.	જીવનનિર્વાહ અન્ન સહાય યોજના		૨૫
૧૮.	શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિ જીર્ણપક્ષ (૧૩૫) દશગામ પંચ સમસ્ત કાલોલ તથા મહાલક્ષ્મી મેડીકલ અને ઍજ્યુકેશન વેલફેર ટ્રસ્ટ કાલોલનો ઈનામ વિતારણ અને સ્નેહમિલન સમારોહ		૨૬
૧૯.	જાહેરાત - સદાશિવ આયુર્વેદિક ક્લિનીક		૨૮

૨૦.	સમસ્ત શ્રીગૌડ બ્રાહ્મણ સમાજ વડોદરા સ્નેહમિલન અને ઈનામ વિતરણ		૨૯
૨૧.	શ્રીગૌડ સાડત્રીસ સમાજનો ૩૪માં ઈનામ-વિતરણ, સન્માન સમારંભ, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ઉપમી વા. સાધારણ સભાનો અહેવાલ		૩૧
૨૨.	જાહેરાત - વિધાતા મેરેજ બ્યુરો		૩૩
૨૩.	શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા		૩૪
૨૪.	જયશ્રી મહાલક્ષ્મી ધામ, થલતેજ, અમદાવાદ		૩૬
૨૫.	શ્રીગૌડ બ્રાહ્મણ પરિવાર દ્વારા ડાકોર પદયાત્રી સેવા કેમ્પ		૩૭
૨૬.	જાહેરાત -જોષી ચશ્માવાલા		૩૮
૨૭.	તંત્રી વાર્તા - આશીર્વાદ	રાજેશ પંડ્યા-રાજ	૩૯
૨૮.	શ્રીગૌડ સમાજનું રતન શ્રી વિજયભાઈ પુરોહિત	તંત્રીશ્રી	૪૦
૨૯.	જાહેરાત - કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ , સાવલી		૪૨
૩૦.	ગઈકાલની સુગંધ	ભવ્યા ડી. શુક્લ	૪૩
૩૧.	શબ્દો જડ્યા જ નહીં	દક્ષેશ જોષી	૪૩
૩૨.	કાંકણપુર	કિશોરભાઈ શુક્લ	૪૪
૩૩.	અતૂટ બંધન	દિશાંક વ્યાસ	૪૪
૩૪.	શિવ તું !	દિપીલકુમાર વિષ્ણુપ્રસાદ પંડ્યા	૪૪
૩૫.	એમ જ	ડૉ. બિરેન પાઠક	૪૫
૩૬.	માન	દીપકભાઈ શુક્લ	૪૫
૩૭.	વસંતનું આગમન	ક્રિષ્ના શુક્લ	૪૬
૩૮.	મને ગમે	આશુતોષ પાઠક	૪૬
૩૯.	વિશ્વાસ	તરલિકા ટી. શુક્લ	૪૭
૪૦.	સમા સાંજે ને હું	રાજેન્દ્ર પાઠક	૪૮
૪૧.	ઢળતી સાંજે અને હું	ભારતીબેન ઉપાધ્યાય	૪૮
૪૨.	હોય છે	સુનિલ ઉપાધ્યાય	૪૯
૪૩.	સ્ત્રી	અદિતિ પંડિત	૪૯
૪૪.	જાહેરાત - કે. જે. ઈન્સ્ટીટ્યૂટ ઓફ એન્જિનિયરિંગ		૫૦
૪૫.	અન્નયસહાય કીટ સહયોગની યાદી		૫૧
૪૬.	ખુશીનું વૈદું		૫૧
૪૭.	નવી કારોબારી દરમ્યાન આવેલ અન્નસહાય કીટ સહયોગની યાદી		૫૨
૪૮.	જાહેરાત - ડોનાલ્ડ કીડ		૫૩
૪૯.	જાહેરાત - મલ્હાર સ્પોટર્સ એકેડેમી		૫૩
૫૦.	લેખ : ગુજરાતમાં વધતા સાયબર ફ્રોડ	સમીર પંડ્યા	૫૪
૫૧.	જાહેરાત - શ્રદ્ધાંજલિ - પ્રતિક્ષા મુકેશ પુરોહિત		૫૬
૫૨.	અવસાન નોંધ		૫૭
૫૩.	સમસ્ત શ્રીગૌડ જીવનસાથી વોટ્સએપ ગ્રુપ		૫૮
૫૪.	સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી		૫૯
૫૫.	માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ		૬૦

•••

તંત્રી લેખ

શ્રી બંધુ મિત્રો,

જાગૃતિ અંક તમારી સમક્ષ રજૂ કરતા ખૂબ આનંદની લાગણીઓ અનુભવું છું. મને ખબર છે કે તમે તેની આતુરતા અનુભવતા જ હશો.

મિત્રો, આ અંકમા શરૂઆતના જ ચાર ધાર્મિક લેખો તમારું મન મોહી લેશે, એ સાથે અનેક સિદ્ધિ સોપાનો, સમાચાર સંચય ચોક્કસ તમને જ્ઞાતિનો પ્રગતિ પંથ જાણે બતાવતાં હોય એવું લાગશે. સાહિત્ય વિભાગ, તંત્રી વાર્તા સાથે નવા મંત્રીમંડળની, કારોબારી સભ્યોની વિગતો અને અન્ય ઉપયોગી માહિતીઓ તમને શ્રીગૌડ જ્ઞાતિ પ્રત્યે ગૌરવની લાગણીનો અનુભવ કરાવશે.

મિત્રો, દિનપ્રતિદિન સમય જ વિકાસ કરે આપણે એની સાથે જોડાઈ જવાનું હોય. જાગૃતિની પ્રતિષ્ઠા તો વધતી જ જાય છે એમ તમારે નજીવી કિંમતે અપાતી જાહેરાતોમાં, તમારા ધંધા-વ્યવસાય ની કાયમી જાહેરાતો આપીને જોડાઈ જવાનું હોય. આટલું સરસ માધ્યમ તમારી સામે હોય એનો ઉપયોગ કરવો યોગ્ય જ ગણાય, સાથે સાથે બીજે દાન-ધર્મ-પુણ્ય કરો એની જગ્યાએ જ્ઞાતિબંધુઓને અન્ન સહાય કીટમાં સહયોગ આપીને વધુ પુણ્યશાળી બનવું એ યોગ્યતા કહેવાય.

શ્રીગૌડ જાગૃતિના એક અંકના કાયમી સ્પોન્સર પણ બનાય, તમને ૧૦ પેજ તમારા પોતાના જે તે અંકમાં મળે છે. Autobiography પણ પ્રદર્શિત કરવી હોય તો કરાય.

મિત્રો, સૌનો સાથ સૌનો વિકાસ જેવા સ્લોગન સાથે આ જાગૃતિ હું બનાવતો હોઉં તો તમને વિનામૂલ્યે તે સતત મળતી રહે તેની પણ વ્યવસ્થા જોડે જોડે કરવી જ પડે.

માહિતીનો એટલો વધારો હોય કે ઘણીવાર બીજા અંકમાં માહિતી લેવી પડે. એ માટે માહિતી આપનારા સંપૂર્ણ સહકાર આપે છે તે સહકાર અને આનંદની વાત ગણાય. બસ આમને આમ આપણી વાતો અવિરત ચાલતી રહે, તમે તમારું મેગેઝિન સમજીને જાગૃતિ વાંચતા રહો, એનો પ્રચાર કરતાં રહો, સાથે એકતા-સાચી સમજ-લાગણીઓ જેવી પરસ્પર એકબીજા પ્રત્યેની ભાવનાઓ સમાજમાં વધતી રહે એટલે આ મહેનત સફળ થઈ ગણાય, અંતે તો સમાજલક્ષી કામ જ છે.

આવતા અંકમાં ફરી મળીશું. ચૈત્રી નવરાત્રીની સૌ વહાલાં શ્રી બંધુઓને અગાઉથી શુભકામનાઓ.

-રાજેશ પંડ્યા 'રાજ', તંત્રી શ્રી

આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.

ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.

એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨

બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)

IFS Code : SBIN0008053

E-mail - shreegaudjagruti2019@gmail.com
Website - https://samastshreegaudsamajgujarat.org
Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/
Contact No. : 8799163969 (Jayant Joshi)

સૌનું પોતીકું નજરાણું શ્રીગૌડ જાગૃતિ

શ્રી બંધુ મિત્રો,

શ્રીગૌડ જાગૃતિમાં દર બે માસે નિયમિત બહાર પડતાં લોકપ્રિય રંગીન અંક માટે જાહેરાતો આપવાની વિગતો આપેલી છે.

પેજ સાઈઝ	આખું પેજ 140/210 mm	અડધું પેજ 140/105 mm
પેજના ભાવ (રૂ)	800	500
પ્રથમ, બીજું અને છેલ્લું પેજ	1000	

Bank Details:
Account name : Samast Shreegaud Samaj, Gujarat
Bank : SBI
Branch : Pragatinagar
Account number : 30121839092
IFS Code : SBIN0008053

મિત્રો,

તમારા ધંધાની, વ્યક્તિ વિશેષ તરીકે પોતાની, અવસાન નોંધ, વ્વવસાયની, માતાજીના તીર્થધામના આખા પેજના ફોટા સાથેની, કોઈ બહારના ઓળખીતા સંપર્કની...કોઈપણ રીતે જાહેરાત આપી શકો છો. જાહેરાત બની શકે એટલી વહેલી પહોંચાડવાની રહેશે તો મને ગોઠવતા ફાવે.

દરેકનું માનીતું નજરાણું હોવાથી અંકની લોકપ્રિયતા વધતી જ જાય છે. અન્ય સમાજ પણ મારી પાસે પ્રમાણ તરીકે અંક મંગાવ્યો હતો.

તમારું કામ આપણા નજરાણાં અંકને જાહેરાતો થી ભરી દેવાનું, મારું કામ દરેક શબ્દોમાં કાયમ માટે વિવિધતા ભરી દેવાનું. તમે તમારું કામ સંભાળો, જાહેરાતો આપી મને પ્રોત્સાહિત કરો, હું મારું કામ કરું.. સમાજના માટે અંદરથી રસ ધરાવતા શ્રીબંધુઓનો સમાજ રસ વધતો જાય એવો અંક બનાવવા મહેનત કરૂ છું. અહીં સમાનતા ના ધોરણે જ કામ થાય છે. સપ્ટેમ્બર અંકમાં જાહેરાત માટે નોંધણી કરાવી ઝડપથી જાહેરાત મોકલી આપશો

- તંત્રી, શ્રીગૌડ જાગૃતિ
રાજેશ પંડ્યા "રાજ" (9428604119)

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતને અનુદાન આપવા માટે આ QR કોડનો ઉપયોગ કરી શકો છો.

વરદાયિની માતા, રૂપાલ, ગાંધીનગર

વરદાયિની માતાજી મંદિર,રૂપાલ એ ગાંધીનગરથી ૧૩ કિમી અંતરે આવેલું પૌરાણિક કાળથી જાણીતું શક્તિ સ્થાન છે. એનો મહિમા અનેરો છે.

મહાભારતકાળમાં અજ્ઞાત વાસ દરમિયાન પાંડવોએ અહીં શસ્ત્રો છુપાવી, યુદ્ધમાં જીત માટે મા વરદાયિનીની આરાધના કરી હતી. મા એ તેમની ઈચ્છા પૂરી કરતાં જીતના આશીર્વાદ આપ્યા હતા એના પ્રતીક સ્વરૂપ આજે પણ વરખડીનું વૃક્ષ અને તેની નીચે અર્જુન-દ્રોપદી નું મંદિર હાજર છે.

આ ધાર્મિક સ્થાન પાંડવકાલીન હોવાથી, પાંડવોએ અહીં આસો સુદ નોમ, નવરાત્રીના છેલ્લાં દિવસે મા વરદાયિનીના આહ્વાન સ્વરૂપે ઘીની પલ્લીનું આયોજન કર્યુ હતું, તે દિવસથી લઈને આજ દિન સુધી તે પલ્લીનો મહિમા અકબંધ જળવાઈ રહી અને આસો સુદ નોમના દિવસે રાતે ખીજડાના વૃક્ષના લાકડામાંથી બનાવેલી પલ્લીની ઘીની નદીઓ વચ્ચે શોભાયાત્રા નીકળે છે. લગભગ ૧૦ લાખ ઉપર શ્રદ્ધાળુઓ કે જેમાં સ્થાનિક, અન્ય રાજ્યોમાંથી ઉપરાંત વિદેશોમાંથી આ અદભૂત ધાર્મિક પ્રસંગનો લ્હાવો લેવા આવતાં હોય છે. ૨૦ કરોડ રૂપિયા ઉપર કીંમતનું પણ ઘી ઘણીવાર પલ્લી ઉપર અહીં ચઢતું હોય છે, શોભાયાત્રા દરમિયાન ચઢાવેલ ઘી ભેગું કરીને એકલા હરિજનો જ ઘેર લઈ શકે છે. તેનું અનેરું માહાત્મ્ય ગણાય છે.

મંદિર ટ્રસ્ટ દ્વારા વિશાળકાય મંદિર બનાવવામાં આવ્યું છે. માતાજીની મૂર્તિ, મૂળ ગર્ભદ્વાર વગેરે સુવર્ણના બનાવવાના કામ ચાલું થયેલ છે, રહેવા-જમવા માટેની, નવચંડી જેવા ધાર્મિક પ્રસંગો કરવા માટેની સુંદર વ્યવસ્થા અહીં કરવામાં આવેલ છે. એકસામટી દસ લક્ઝરી ભરીને ટુર આવે તોપણ બધી વ્યવસ્થા થઈ જાય એવું વિશાળ પટાંગણ અહીં રહેલું છે. નાસ્તા માટે ફાસ્ટ ફૂડના અનેક સ્ટોલ અહીં મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત કરવામાં આવ્યાં છે.

ધાર્મિક તહેવારો દરમિયાન નજીકમાં જો નીકળવાનું થાય તો આ પૌરાણિક દેવસ્થાનની અચૂક મુલાકાત લેશો. અસ્તુ.

-તંત્રી શ્રી

બુટભવાની માતાજી, અરણેજ

મિત્રો,

ધોળકા તાલુકામાં આવેલા અરણેજ ગામે,બુટભવાની માતાજીનું પાંચસો વરસ જુનું મંદિર, અતિ જાગૃત પવિત્ર જગ્યા ગણાય છે.

મૂળ સિંધ પ્રદેશના અને પછી હળવદ પાસે વસેલા બાપલ દેથા અને મીનળદેવી હિંગળાજ માતાના પરમ ભક્ત હતાં. બધું સુખ પણ શેર માટીની ખોટ કારણે બંને દુ:ખ અનુભવતા હતાં. માતાજીએ એક પરિક્ષણ લઈ અને બાપલ દેથાને સ્વપ્નમાં દર્શન આપીને જણાવ્યું કે તારી ત્યાં આજથી નવ માસ પછી બંને કાનમાં વીંધાયેલી બુટ સાથે દીકરીનો જન્મ થશે એ મારો અંશ હશે. સ્વપ્ન સંપૂર્ણ સાચું પડ્યું અને માતાજીનું પ્રાગટ્ય થયું.

માતાજીના અનેક પરચાઓ છે એમાં એક જોઈએ તો પરમ ભક્ત મેરિયો ભુવો જે માતાજીને પડદે વાત કરતો પણ માતાજીના સાક્ષાત દર્શન કરવાની જીદ પકડતા, અંતે માતાજીને સાક્ષાત ન ઓળખી શક્યો અને માતાજી પર જ કુદૃષ્ટિ કરતાં મોતને ઘાટ ભેટેલો.

અરણેજ ગામના બે કારડિયા રાજપૂત ભાઈઓ કાળાભાઈ અને ધોળાભાઈ માતાજીના પરમ ઉપાસક હતાં. માતાજીએ એમને માધ્યમ બનાવતાં સતત ત્રણ દિવસ બંનેને સપનામાં આવ્યાં, પોતાની મૂર્તિ,ચોખા અને ચુંદડી એક વડના ઝાડ નીચે દાટેલાં છે તે બહાર કાઢવા કહ્યું. એ સમયે ગુજરાતમાં બ્રિટિશ રાજ હતું. બંને ભાઈઓ વડના ઝાડને કાપવાથી બ્રિટિશ સરકારનો કોપ સહન કરવો પડે એ વિચારથી ગભરાતાં હતાં. માતાજીએ તરત જ વડને જ સૂકવી કાઢ્યો. બંને ભાઈઓએ ખોદકામ કર્યું તો માતાજીનું ખાલી મુખ જ હોય એવી અત્યારે જે મંદિરમાં દેખાય છે તે મુર્તિ મળી આવી. બ્રિટિશ સૈનિકોએ બંને રાજપૂત ભાઈઓને ફાંસી આપવા માંચડે લટકાવ્યાં તો મોભ નીચે જ ન આવ્યો. સૈનિકોના હાથ હેઠાં પડ્યાં. એ પછી આવી ચમત્કારિક મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરીને માતાજીનું મંદિર બનાવવામાં આવ્યું.

બ્રિટિશ રાજ દરમિયાન અમદાવાદ-ભાવનગર વચ્ચે રેલવે લાઈન નંખાવવાનું કામ ચાલતું હતું, અરણેજ પાસે જેવું કામ શરૂ કરે અને તરત પાટા તેની જાતે જ વેરવિખેર થઈ જાય. સરકારે મંદિરમાં પૂછતાં સવા રૂપિયો અને નાળિયેર ચઢાવવાની બાધા લેવાનું અને માતાજીની મંજૂરી લેવાનું કહ્યુ, એ પછી જ રેલવે લાઈન બાંધવાનું શક્ય બન્યું.

ગાયકવાડ સરકારના દામાજી, અમરેલી પાસેના ખાંભા જીતવા માટે અરણેજ રાતવાસો કરવા રોકાયેલા. માતાજી સ્વપ્નમાં આવી અને તેને દીકરા જન્મના આશીર્વાદ આપ્યાં, દામાજીએ આખી ૨૪૦૦ એકર જમીન સાણંદ અને ગાંગડ સ્ટેટ પાસેથી લઈને માતાજીના નામે અર્પણ કરી દીધી.

બ્રિટિશ રાજથી શરૂ કરીને આજ સુધી અહીંથી પસાર થતી દરેક ટ્રેન આ જગ્યાએથી પસાર થતાં, ફરજિયાત એક લાંબી વ્હીસલ મારી આજની તારીખે માતાજીને સલામી આપીને પછી જ આગળ વધે છે.

આવું પરચા આપનાર, હાજરાહજૂર તીર્થધામ એવું બુટભવાની મંદિર, અરણેજ એસ.પી. રિંગ રોડથી માત્ર ૪૫ મિનિટ અંતરે,નવા અમદાવાદ -ભાવનગર હાઈવે ઉપર આવેલું છે. આધુનિક સમયમાં મંદિરનો વિકાસ એટલા મોટા પાયે થયો છે કે તમે જોઈને જ દંગ રહી જાવ. રહેવાની મોટી ધર્મશાળા, વિશાળ પાર્કિંગ, મંદિર બહાર વિશાળ ચોક. ચારે બાજુએ ખુલ્લી જગ્યાઓ. જમવાની વ્યવસ્થા અને હજુ વિકાસ કાર્યો ચાલુ જ છે.

આવા જાગૃત મંદિરોની સમયે સમયે અચૂક મુલાકાતો લેવી જોઈએ.

-તંત્રી શ્રી

જક્ષણી માતા મંદિર, સાદરા

ગાંધીનગર જિલ્લાના સાદરા ખાતે આવેલ જક્ષણી માતા મંદિર, ગુજરાતના જાણીતા માતાજીના મંદિરોમાં એક છે. આજે પણ હાજરાહજૂર આ સતી માતા ગણાય એવા મંદિરની સ્થાપના ૧૫૨૫ માં સાદરા મુકામે થઈ હતી.

આ મંદિરનો ઈતિહાસ જોઈએ. સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રા પાસે આવેલ કંકાવટી પરગણાના ધણી વાઘોજી ઠાકોર ખૂબજ ભક્તિશાળી હતા. મા દુર્ગાની પૂજા-સેવા-અર્ચનામાં વધુ લીન રહેતા હતાં. આ પંથકમાં મુસ્લિમ સૂબો ખલીલખાનની રંજાડ ખૂબ હતી. નિર્દોષ લોકોને લુંટી અને તેમની પર જુલ્મ ગુજારતો હતો. એકવાર કંકાવટી પાસેથી એને પસાર થતો જોઈને વાઘોજી ઠાકોરનું લોહી ઉકળી ઊઠ્યું. વાઘોજી ઠાકોરે ધ્રાંગધ્રાથી દસેક કિલોમીટર દુર આવેલા ઈશાદપુરા ગામે તેને હરાવ્યો. સૂબાએ શરણાગતિ સ્વીકારી પણ વધુ મદદ મળતાં તે ફરી પાછો વાઘોજી સામે લડવા આવ્યો. વાઘોજીએ તેની રાણીઓને માતાજીની ધજાની નિશાની આપી કે જો ધજા પડી જાય તો સમજવાનું કે હું લડતા લડતા ખપાઈ ગયો. કુવા પાસે કમનસીબે ધજા પડી જતાં રાણીઓ સતી થઈ, આ બાજુ વાઘોજી પરત આવતા તેમણે આ જોઈને ક્રોધ આવતા ફરી સૂબા સાથે લડવા ગયાં અને લડતાં લડતાં મૃત્યું પામ્યા.

વાઘોજી ઠાકોરના સંતાનો વીરમ અને જક્ષણી બંને વાઘોજીના ચીલે ચાલનારા હતાં. એકવાર સમીમુંજપરા ગામે મુસલમાન ઠેકેદાર ગાયોના ધણને વાળી બળજબરીથી કતલ કરવા લઈ જતો હતો. વીરમ તેની સામે લડ્યો પણ આડપોદરા ગામે મૃત્યું પામ્યો, એ વીરમદેવ આજે પણ આ પંથકમાં ઝાલા બાપા તરીકે પૂજાય છે. આ જોઈને જક્ષણીને શૂરાતન ચડ્યું, એણે એકલાં હાથે લડતાં લડતાં ઘણા મુસ્લિમ સૈનિકોની કતલ કરી. છેલ્લે મા પોતે ઘવાયેલી અવસ્થામાં અહીં સાબરમતી તટે સાદરા આવ્યાં. અહીં તેમણે દેહત્યાગ કર્યો. એ સતી હોવાથી એ દિવસથી તેમની આ જગ્યાએ સ્થાપના થઈ. મંદિરનું નિર્માણ થયું. જુદી જુદી જ્ઞાતિઓમાં તે કુળદેવી તરીકે પૂજાવા લાગ્યાં, એમની હાજરીના પરચા લોકોને મળતા ગયાં, નવરાત્રીમાં ખાસ તેમની હાજરી પ્રતિત થતી હતી, એ કારણે લોકોની આસ્થાનું કેન્દ્ર આ સ્થાન બનતું ગયું છે.

ભાદરવા મહિનાના બીજા રવિવારે અહીં શાસ્ત્રોકત હવન થાય છે, નવરાત્રી દરમ્યાન અનેક લોકોને માતાજીના પડછાયાના દર્શન થયા હોય એવા અનુભવો થયા છે. નવરાત્રી દરમ્યાન અહીં ભક્તોની ભીડ જામે છે. હવન-નવચંડી યજ્ઞો થાય છે. દૂર દૂર અને દેશ-વિદેશથી શ્રધ્ધાળુઓ માતાજીની હાજરીના દર્શન કરવા આવે છે.

૧૯૫૦ માં મંદિરનો જીર્ણોદ્ધાર થયો. અત્યારે તો સુખડીઘરથી માંડીને રહેવા જમવાની ખૂબ સરસ વ્યવસ્થા થઈ ગઈ છે. ગુજરાત, રાજસ્થાન અને અન્ય રાજ્યોમાંથી શ્રધ્ધાળુઓ આ જાગૃત સ્થાને દર્શન કરવા આવે છે, સત્ વાળી જગ્યા હોવાથી દરેકની મનોકામનાઓ પૂરી થતી જોવા મળે છે.

હવે ટૂંક સમયમાં ગાંધીનગરના અલુઆ અને સાદરા વચ્ચે પૂલ બની જતા ખૂબજ સરળતા સાથે ગાંધીનગરથી સાદરા પહોંચી જવાશે. અત્યારે પણ પૂલ નીચેથી વાહનોની અવરજવર ચાલુ છે.

નવરાત્રી દરમ્યાન આ મંદિરની મુલાકાત લેવાય તો ચોક્કસ અંદરથી શ્રધ્ધા ભક્તિની સાચી અનુભૂતિ થાય તેવું આ જક્ષણી માતા મંદિર છે.

-તંત્રી શ્રી

પ્રવાસ લેખ

૧૩૦૦ વરસ પુરાણું ભવનાથ મંદિર, મઉ, ભિલોડા

મિત્રો, અરવલ્લી ગિરિમાળા સૌથી પ્રાચીન અને જાતજાતની વિવિધતાથી ભરેલી ગણાય છે. હિંમતનગરથી ૪૦ કીમી અને ભીલોડાથી ૬ કિમી અંતરે આવેલું, હાથમતી ડેમની વચ્ચે રહેલું ભવનાથ મહાદેવ મંદિર એક અલગ મહત્વ ધરાવે છે. વિશાળ ફેલાયલ હાથમતી ડેમની અંદર, આસપાસ પાણીની વચ્ચે બે કિલોમીટર રોડથી મંદિરે પહોંચો ત્યાં સુધી તો તમને મનમાં કેરાલામાં ફરતાં હોવ એવી અનુભૂતિ થવા માંડે. આસપાસ ઊંડું પાણી અને વચ્ચે આ ભવ્ય મંદિર એક રોમાંચક અનુભવ જ કરાવે છે. આસપાસ નયનરમ્ય ડુંગરો, હિલોળા લેતો હાથમતી ડેમ અને પૌરાણિક શિવાલય ... શ્રાવણમાસ માટે એક ઉત્તમ જગ્યા કહેવાય છે. મોટી સંખ્યામાં ભક્તો શ્રાવણમાસના છેલ્લા સોમવારે અહીં ભરાતા મેળા માટે, શિવરાત્રીના દિવસે, દરેક શનિ-રવિવારે નિયમિત મુલાકાતો લેતાં હોય છે.

ભવનાથ મંદિર પૌરાણિક કાળ સાથે સંબંધ ધરાવે છે. ભૃગુઋષિ સાથે સીધો સંબંધ આ જગ્યાને છે, ભૃગુઋષિએ અહીં વરસો સુધી તપ કર્યુ હતું. એ પ્રતીક સમ ભૃગુકુંડ અહીં હાજર છે. લોક શ્રધ્ધા એવી છે કે અહીં સ્નાનમાત્ર કરવાથી શરીરમાંથી અનેક રોગ મટી જાય છે. એની માટી શરીરે લગાવવાથી કોઢ જેવા રોગ પણ મટે છે. ભૃગુઋષિના પુત્ર અવન ઋષિનું મંદિર પણ અહીં આવેલું છે. શિવાલયમાં શિવલિંગ ચોવીસ કલાક પાણીમાં ડુબેલું જોવા મળે છે.

શિવલિંગ વિશે વાત કરીએ. વરસો પહેલાં અહીં જંગલ હતું. ગોવાળિયાની એક ગાય ચરતી ચરતી આ જગ્યાએ આવે અને દુધની ધારા આપોઆપ કરવા લાગે. ગોવાળિયાએ આ વાત દેશણ ગામના લોકોને કરી, સૌ ગ્રામજનોએ ભેગા મળીને ખોદકામ કરતાં જે અત્યારે દેખાય છે એ શિવલિંગ પ્રગટ થયું. ધામધૂમથી પ્રસંગને ઊજવવામાં આવ્યો. તે દિવસથી આજ સુધી અહીં અનેક મહારુદ્ર યજ્ઞો સુધીની શિવભક્તિ સતત ચાલુ રહેલી છે.

જગ્યા જ એટલી પવિત્ર અને રમણીય છે કે તમને સમયનું ભાન જ ન રહે.

કોઈપણ સમયે શામળાજી જવાનું થાય તો ભિલોડા પાસેની આ બહું ઓછી જાણીતી પણ ઉપર વર્ણન કર્યુ એટલી સુંદર જગ્યાની મુલાકાત અચૂક લેશો.

-તંત્રી શ્રી

BEST WISHES

FROM

Foresights

Architect | Interior Designer | Green building consultant | Technical consultant

Mr. Hardeep M. Pathak
+91 98243 91475 | fics.arch@gmail.com
Mr. Het Hardeep Pathak
+91 94294 19089 | fics.het@gmail.com

Relief Fire & Safety Services

Fire Fighting Equipment Trading, Maintenance & Installation | Fire & Safety Consultant | Fire Certification & Audit | Govt. Certified Fire & industrial safety Training Centre

Mrs. Nidhi Hitesh Pathak
+91 97243 42476 | relief.fire@gmail.com

Genuine Car Cares

BOSCH Authorised Multibrand Car Workshop
German Standard Certified - Fully Equipped Car Workshop

Mr. Het Hardeep Pathak
+91 9426 426000 | genuinecarcares@gmail.com

Adverzo Digital Marketing

Digital Marketing | Social Media Marketing | PR Agency

Miss. Heer Hardeep Pathak
+91 98242 91475 | heerpathak30@gmail.com

વરદાન ક્લીનીક
અને
વરદાન ગર્ભ સંસ્કાર કેન્દ્ર

ડૉ. મહેશકુમાર એસ. શુક્લ
વૈદ્ય યોગીનીબેન એમ. શુક્લ
ડૉ. રુદ્રાગ એમ. શુક્લ

વરદાન ગર્ભ સંસ્કાર કેન્દ્ર. લુણાવાડા.
Mob 9426085801/9428367893

આપણા શ્રીગોડ સમાજ નું ગૌરવ

પંચમહાલ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના
મહામંત્રી તરીકે

શ્રી જીગ્નેશભાઈ પાઠક

ની વરણી થવા બદલ
ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ

શ્રી ધર્મેશભાઈ ભાનુપ્રસાદ પંડ્યાની ભારતીય જનતા પાર્ટીમાં કારોબારી સભ્ય તરીકે નિમણુંક થવા બદલ શ્રીગૌડ સમાજ ગૌરવ ની લાગણી અનુભવે છે....સાથોસાથ અભિનન્દન....

ઉત્તરોતર ઉન્નતિ પામો તેવી મહાદેવ ને



પંચમહાલ જિલ્લો,
ભાજપ મહિલા મોરચા પ્રમુખ પદે
વરણી થવા બદલ

શ્રીમતી શેફાલીબેન અંકુરભાઈ ઉપાધ્યાય

કાલોલને ખૂબ ખૂબ અભિનંદન.

આપ સૌ ને જણાવતા આનંદ થાય છે કે society of Toxicologic Pathology -india એ એક scientific society છે જે Asian Society of Toxicologic Pathology, European Society of Toxicologic Pathology વગેરે ની" indian wing " છે જેની અંતર્ગત દર બે વર્ષે એક conferece અને વર્ષ દરમિયાન વર્કશોપ્સ અને વેબિનાર નું આયોજન થાય છે. જેમાં અમે foreign તેમજ expert indian speakers ને invite કરીએ છીએ.આ વર્ષે અમે બેંગલુરું માં 7-9 નવેમ્બર એનું આયોજન કરેલ હતું.

આ સોસાયટી ની હું 2021 થી સૌથી youngest ચૂંટાયેલી સભ્ય છું. આ વર્ષે હું એમાં "Joint Secretary" તરીકે ચૂંટાઈ છું. - Dr. Nikita Joshi, Zydus Research Centre, Ahmedabad.

શ્રી યશકુમાર વિનય ચંદ્ર જોષી,
વતન : કાલોલ.
નવું પુસ્તક પ્રકાશિત થયેલ છે.

વલ્લભ વિદ્યાનગર તા- ૨૮/૧૧/૨૫

સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે ભૌતિકશાસ્ત્ર (Physics) ના સંશોધકે સફળતાપૂર્વક Ph.D. પદવી મેળવી. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના Department of Physics ખાતે તા. 28 નવેમ્બર, 2025 ના રોજ ભૌતિકશાસ્ત્ર (Physics) વિષયમાં Ph.D. વાઈવા પરીક્ષા યોજાઈ.

કાલોલના વતની સંશોધક યશ વિનયકુમાર જોષી એ પોતાનું Ph.D સંશોધન કાર્ય પ્રોફેસર એમ. પી. દેશપાંડે, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ઓફ Physics , વલ્લભ વિદ્યાનગર - આણંદના કુશળ માર્ગદર્શન હેઠળ પાર પાડ્યું હતું.

આ વાઈવા પરીક્ષામાં બાહ્ય પરીક્ષક તરીકે ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. એસ. એમ. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. વ્યાસ એ સંશોધકના કાર્યને ઉત્તમ અને મૂલ્યવાન ગણાવીને બિરદાવ્યું હતું. આ સિદ્ધિ બદલ સરદાર પટેલ યુનિવર્સિટી અને સમગ્ર શિક્ષણજગત તરફથી તેમને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ સાથે યશ વિનયકુમાર જોષી એ સમગ્ર બ્રાહ્મણ સમાજનું પણ ગૌરવ વધાર્યું છે.

શ્રી યશ વિનયભાઈ જોશી (વતન - કાલોલ, હાલ - વડોદરા) શ્રી શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિ આદ્ય પક્ષ કાલોલ નાં શ્રીગૌડ બ્રાહ્મણ છે. તેઓ એ માતા-પિતા સહિત આપણા સમસ્ત સમાજ નું ગૌરવ વધાર્યું છે.

અભિનંદન સહ શુભેચ્છાઓ.

Honoured by Mahatma Gandhi Mission University MGMU Sambhajinagar erstwhile Aurangabad -Delivered a TEDx Talk (Jan 3)



વડોદરાના શ્રી ધાર્મિકલાલ પંડ્યા માણભટ્ટ પદ્મશ્રી એવોર્ડ માટે નામાંકિત થયાં છે. શ્રી ગૌડ સાડત્રીસ સમાજના વડોદરામાં વીસેક વર્ષ અગાઉ રાવપુરા ટાવર પાસે યોજાયેલ કાર્યક્રમમાં તેઓશ્રીએ માણ ઉપર કાર્યક્રમ આપેલ.

27-12-'25., Sat.

Neville was gifted with the underpresented MEMENTO bythe Nirma University, Ahmedabad on 18th instant while he was on an Invitational Visit of this World Class University for an Oral Discourse with the Current M. B. A. Students.Edited : Anant.

વડોદરામાં સ્ટેન્ડ અપ કોમેડી ફાઇનલમાં શિક્ષક દિવાકર શુક્લ વિજેતા

સર સયાજીરાવ ઓડિટોરિયમ, વડોદરામાં 25મી ડિસે.ના રોજ યોજાયેલ ભૂદેવ કલાકાર 2025 ટેલેન્ટ હન્ટ કોન્ટેસ્ટમાં 41 વર્ષથી ઉપરના કલાકારોની સ્ટેન્ડ અપ કોમેડી ગ્રાન્ડફાઇનલમાં બાંડીબારના શિક્ષક અને હાસ્ય કલાકાર એવા દિવાકર શુક્લ વિજેતા થયા હતા.

અને ઉલ્લેખનિય છે કે અગાઉ તેમણે વિવિધ ગુજરાતી ચેનલમાં સ્ટેન્ડ અપ કોમેડીના વિવિધ કાર્યક્રમ કર્યા છે અને હાલમાં પણ 67 વર્ષની ઉમરે પગમાં ઈંચ ફ્રેક્ચરના સળિયા હોવા છતાં પણ વન મોન શોનું અતત ઈંચ કલાક એકલાહાથે કોમેડી કરે છે.

સ્ટેન્ડ અપ કોમેડી ફાઈનલ વિજેતા
પ્રેસ નોટ દિવ્યભાસ્કર

આજરોજ ભગવાન તથા વડીલોના આશીર્વાદથી અમારા ભાઈ શ્રી કમલેશ શુક્લ ના પુત્ર ડૉ.મિત કમલેશકુમાર શુક્લ ને ગોલ્ડ મેડલ સૌરાષ્ટ્ર યુનિ. નો એમ. ડી. રેડીયોલોજી મો પ્રથમ કર્મો કે ઉતિર્ણ થવા બદલ શ્રી મહા મહીમ રાજ્યપાલ ના હસ્તે એનાયત થયો છે. ડૉ. મીતને અમારા ખૂબ ખૂબ અભિનંદન...

Prachi Pandya daughtet of Chetan Pandya and grand daughter of Late. Bhalchandra Pandya, got award during final contest of Bhudev Kalakar 2025, Vadodara for playing Casio.

Jiya Jigar Shukla
Age -9 years
Winning 1st price in
Bhudev Kalakar 2025
in all over
Gujrat Competition..



નીરવભાઈ દવેની પુત્રી હની દવેનું પ્રથમ પુસ્તક
"The way we feel" પ્રસિદ્ધ થઈ.
હની દવેનું દ્વિતીય પુસ્તક Block C
એ આકર્ષક અને રોમાંચકતાથી ભરપુર છે.
ખૂબ ખૂબ અભિનંદન.

આજરોજ અરવલ્લી ડિસ્ટ્રિક્ટ બારની ચૂંટણીમાં ઉપપ્રમુખ તરીકે
બિન હરીફ ચૂંટાઈ આવતા એડવોકેટ **મિતુલ શુક્લ**
ને ખૂબ ખૂબ અભિનંદન !

શ્રી બંધુ પાર્થ પાઠકને શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા),
અમદાવાદ શહેરના ઝોન-૨ ના હોદ્દેદાર તરીકે ચૂંટાવા બદલ અભિનંદન

ભરૂચ નર્મદા કોલેજ નાં દેવ આર. શુક્લાએ શાસ્ત્રીય ગાયન સ્પર્ધામાં પ્રથમ ઈનામ મેળવી સીધ્ધી હાંસલ કરી

ગુજરાત સમાચાર બ્યુરો
યુનુસ મિયાત, અંકલેશ્વર

નર્મદા કોલેજ નાં દેવ આર. શુક્લાએ પર માં યુવા મહોત્સવમાં શાસ્ત્રીય ગાયન માં પ્રથમ ઈનામ મેળવ્યું છે. વલસાડ સ્થિત વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી (વીએનએસજીયુ.) દ્વારા આયોજીત પર (ભાવન) માં યુવા મહોત્સવમાં નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ નાં વિદ્યાર્થી દેવ આર. શુક્લાએ શાસ્ત્રીય ગાયન (ક્લાસીકલ વોકલ સીંગિંગ) સ્પર્ધામાં પ્રથમ ઈનામ મેળવી કોલેજ તથા જીલ્લાનું ગૌરવ વધાર્યું છે.

આ યુવા મહોત્સવમાં દક્ષિણ ગુજરાતની વિવિધ કોલેજો નાં

વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. તમામ કોલેજો વચ્ચે યોજાયેલી કઠિન સ્પર્ધામાં દેવ શુક્લાએ પોતાની ગાયકીની ઊંચી કળા અને આત્મવિશ્વાસ સાથે પ્રદર્શન કરી દક્ષિણ ગુજરાત સ્તરે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. દેવ આર. શુક્લા પ્રખ્યાત શાસ્ત્રીય સંગીત ગુરૂશ્રી સુકેતુ ઠાકોરના શિષ્ય છે. ગુરૂશ્રી સુકેતુ ઠાકોર નાં માર્ગદર્શન, સતત તાલીમ અને શાસ્ત્રીય સંગીત પ્રત્યેની સમર્પિત સાધનાં નાં પરિણામે દેવ શુક્લાને આ મહત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ છે. આ સિધ્ધિ સાથે ગુરૂશ્રી સુકેતુ ઠાકોરનું નામ પણ સમગ્ર સાઉથ ગુજરાતમાં ગૌરવ પૂર્વક ઉજાગર થયું છે. દેવ શુક્લાની આ સિધ્ધિ બદલ નર્મદા કોલેજ નાં પ્રાધ્યાપકો, સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કોલેજ નાં સંચાલન દ્વારા પણ દેવ શુક્લા તથા તેમનાં ગુરૂશ્રી સુકેતુ ઠાકોરને શુભેચ્છાઓ પાઠવી તેમનાં ઉજ્જવળ ભવિષ્યની કામના કરવામાં આવી હતી..

નર્મદા કોલેજના દેવ આર. શુક્લાએ પરમા યુવા મહોત્સવમાં શાસ્ત્રીય ગાયનમાં પ્રથમ ઈનામ મેળવ્યું

મનમંથ દૈનિક
આણંદ - ભાવેશ મુવાણી

વલસાડ સ્થિત વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત પરમા યુવા મહોત્સવમાં નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સના વિદ્યાર્થી દેવ આર. શુક્લાએ શાસ્ત્રીય ગાયન સ્પર્ધામાં પ્રથમ ઈનામ મેળવી કોલેજ તથા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.આ યુવા મહોત્સવમાં દક્ષિણ ગુજરાતની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તમામ કોલેજો વચ્ચે યોજાયેલી કઠિન સ્પર્ધામાં દેવ શુક્લાએ પોતાની ગાયકીની ઊંચી કળા અને આત્મવિશ્વાસ સાથે પ્રદર્શન કરી દક્ષિણ ગુજરાત સ્તરે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.દેવ આર. શુક્લા પ્રખ્યાત શાસ્ત્રીય સંગીત ગુરૂ શ્રી સુકેતુ ઠાકોરના શિષ્ય છે. ગુરૂ શ્રી સુકેતુ ઠાકોરના માર્ગદર્શન, સતત તાલીમ અને શાસ્ત્રીય સંગીત પ્રત્યેની સમર્પિત સાધનાના પરિણામે દેવ શુક્લાને આ મહત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ છે. આ સિદ્ધિ સાથે ગુરૂ શ્રી સુકેતુ ઠાકોરનું નામ પણ સમગ્ર સાઉથ ગુજરાતમાં ગૌરવપૂર્વક ઉજાગર થયું છે.દેવ શુક્લાની આ સિદ્ધિ બદલ નર્મદા કોલેજના પ્રાધ્યાપકો, સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કોલેજના સંચાલન દ્વારા પણ દેવ શુક્લા તથા તેમના ગુરૂ શ્રી સુકેતુ ઠાકોરને શુભેચ્છાઓ પાઠવી તેમના ઉજ્વળ ભવિષ્યની કામના કરવામાં આવી છે.

આપણા મંડળના કારોબારી સભ્ય શ્રી પ્રશાંતભાઈ હરીવદનભાઈ પાઠકે તારીખ 21 /12/ 2025 ના રવિવારના રોજ HINDAYAN CYCLE EXPEDITION AND RACE 2025/ 26 દ્વારા આયોજિત AHMEDABAD TO VADODARA CENTURY RIDE માં ભાગ લઈ અમદાવાદ થી વડોદરા નું 127 કિલોમીટરનું અંતર 7 કલાક 18 મિનિટ અને 5 સેકન્ડમાં પૂર્ણ કરેલ છે. તેમની આ સિદ્ધિ બદલ શ્રીગૌડ પ્રગતિ મંડળ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને ગૌરવ અનુભવે છે.

રોજ 8 કલાક વાંચી 7 વર્ષમાં ભાગવત, ઋગ્વેદ કંઠસ્થ કર્યાં એક ઘરના બે દીકરાએ 18964 શ્લોક મોઢે કર્યા, હવે GPSCની તૈયારી કરશે

સ્વામિનારાયણ SGVPના 5 ઋષિકુમારને પણ ભાગવત સંપૂર્ણ યાદ

ભાસ્કર એક્સક્લુઝિવ

સોનલકર

SGVP સંચાલિત ઇનોન્ડ સંસ્કૃત માધ્યમિક વિદ્યાલયમાં 4 વેદ તથા વ્યાકરણ, નાથ, મિમાંસા, વેદાંત, સાહિત્યના શાસ્ત્રોનું શિક્ષણ અપાય છે. પ.પૂ.માધવપ્રિયદાસ સ્વામીની પ્રેરણાથી ચાલતા વિદ્યાલયમાં 200 ઋષિકુમારો નિઃશુલ્ક અભ્યાસ કરી રહ્યા છે. આજે જ્યારે ડોક્ટર-એન્જિનિયર જેવાં ક્ષેત્રમાં કારકિર્દીની હોડ લાગી છે, ત્યારે રાજકોટના જાણ પરિવારના 2 દીકરાએ અનોખી સિદ્ધિ મેળવી છે.

બંને દીકરાએ શિક્ષણની સાથે ભગવત ગીતાના ત્રણેય કંઠસ્થ કર્યાં છે. તો બીજા દીકરાએ ઋગ્વેદના 10552 મોઢે કંઠસ્થ કર્યાં છે. માત્ર 15 વર્ષની વયે આટલી મોટી સિદ્ધિ મેળવી, બંને દીકરા હવે GPSCની તૈયારી કરશે. ગુજરાતમાં પહેલીવાર પોતાના ઋષિકુમારે ઋગ્વેદ કંઠસ્થ કર્યાં. આજાર મુજબનાં 5 હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂક્યા છે.

મુકુલકુમાર નિત્યસ્વામ આ કરી ઋષિકુમારોને અભ્યાસ શીખવામાં આવે છે.

2 ઋષિકુમાર રોજ 20 શ્લોક કંઠસ્થ કરતા હતા

ભાઈ કૈનિલ કહ્યું કે, 7 વર્ષમાં 10552 શ્લોક મોઢે કર્યાં. રોજ 20 શ્લોક મોઢે કરતો. 24 કલાકમાંથી 10 કલાક 4 વેદમાંથી એક અને પહેલો વેદ ઋગ્વેદ મોઢે કર્યો. બીજો દીકરો પ્રસીલે ભગવત ગીતા (700 શ્લોક)-અથર્વ વેદ (7500 મંત્ર) તથા શિક્ષાપત્રીના 212 શ્લોક મોઢે કર્યાં છે.

સંસ્કૃત ભણીને 10 ઋષિકુમાર સરકારી અધિકારી બન્યા

2022માં લેવાયેલ GPSCની પરીક્ષામાં ઇનોન્ડના 5 ઋષિકુમાર ટોચેનાં રહ્યા હતા. આજ સુધીમાં 10 ઋષિકુમાર પ્રથમ 2 આઈપીસ-ડોક્ટરની સેવા આપે છે. અહીં નેટ-સેટ, UPSC, GPSC જેવી સર્વોચ્ચ પરીક્ષાની તૈયારી કરાવાય છે. બેચ.ડી.નો અભ્યાસ પણ વિદ્યાલયમાં જ થાય છે. વેદનો અભ્યાસ કરનારા ઋષિકુમારો દરરોજ 50-60 મંત્રો કંઠસ્થ કરે છે. વેદાભ્યાસ સાથે ગણિત, ગણિત, વિજ્ઞાન, કોમ્પ્યુટર વિષયનો પણ અભ્યાસ કરે છે.

શ્રી ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રહ્મ પરીવાર સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટનું બ્રહ્મ તેજ ગૌરવ

આપણા શાંડીલ્ય ગૌત્ર ભટ્ટ પરિવાર ગુંદાસરા નિવાસી સ્વ.વિદુલાબેન તથા સ્વ.રમેશચંન્દ્ર કનૈયાલાલ ભટ્ટ ના પૌત્ર તથા અ.સૌ.જાગૃતિબેન તથા શ્રી કૃષ્ણકાંતભાઈ રમેશચંન્દ્ર ભટ્ટ ના પુત્ર (ઋષિકુમાર)સ્વામિનારાયણ એસ.જી.વી.પી.ફેનિલ કૃષ્ણકાંતભાઈ ભટ્ટ સાત

વર્ષ માં ૧૦૫૫૨ શ્લોક કંઠસ્થ સાથે ઋગ્વેદ કંઠસ્થ કરી ગૌરવ પ્રાપ્ત કરેલ છે તેમજ પ્રસીલ કૃષ્ણકાંતભાઈ ભટ્ટ ભાગવત ગીતા ના સાતસો શ્લોક અર્થવેદ ના સાત હજાર પાંચસો તથા શિક્ષાપત્રી ના બસો બાર શ્લોક કંઠસ્થ કરી ગૌરવ પ્રાપ્ત કરેલ છે તેમજ બદલ શ્રી ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રહ્મ પરીવાર સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ ખૂબ ખૂબ અભિનંદન હાર્દિક શુભકામનાઓ પાઠવીએછીએ ઉત્તરોતર પ્રગતિશીલ બની રહો તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

SHIVAM PARTY PLOT

Proprietor : BHAUMIK JOSHI

SHIVAM PARTY PLOT, GOTRI, VADODARA

ISO 9001 : 2015 CERTIFIED

Shree Vidhyamandir Vidhyalaya

Std. 1 to 12 (Comm) (English, ગુજરાતી Medium)

Trustee Names

- Mr. Pradeep Joshi
- Mr. Bhaumik Joshi

સમસ્ત શ્રી ગૌડ સમાજ, ગુજરાતના
નવા ચૂંટાયેલા ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યોને
ખૂબ ખૂબ શુભકામનાઓ.



જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થતા નવા અંગ્રેજી વર્ષની
ખૂબ ખૂબ શુભકામનાઓ.

લોમેશ ઉપાધ્યાય - નૃપેશ ઉપાધ્યાય

EMERALD DEVELOPERS

KAMLESH PATHAK

Managing Director

info@emeralddevelopers.in

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Cross Road, CG Road,
Navrangpura, Ahmedabad - 9, Gujarat, INDIA.

TROPICAL SOLAR ENERGY



Working to safeguard
India's energy future

101 Emerald, Opp Hotel Crown, CG Road, Ahmedabad, Gujarat, India 380009.
www.tropicalsolar.in | Email: info@tropicalsolar.in | Contact: +91 9428510372

શ્રી પરિવાર,

સમસ્ત શ્રીગૌડ સમાજ- ગુજરાત ની તા.૨૮/૧૨/૨૦૨૫, રવિવારના રોજ સરદાર પટેલ સેવા સમિતિ, અમદાવાદ ખાતે AGM યોજાયેલ હતી. તેમાં નવા ટ્રસ્ટી તરીકે નીચે મુજબના શ્રી બંધુઓની ટ્રસ્ટી તરીકે નિમણુંક સર્વાનુમતે થયેલ છે.

(૧) શ્રી ધ્રુવભાઈ જોશી, બરોડા
(૨) શ્રી જયંતભાઈ જોશી, ગાંધીનગર
(૩) શ્રી મિહિરભાઈ પંડ્યા, અમદાવાદ
(૪) શ્રી ધ્રુવભાઈ શુક્લ, અમદાવાદ
(૫) શ્રી દિગીશભાઈ દવે, અમદાવાદ
(૬) શ્રી ડૉ. મહેશભાઈ શુક્લ, લુણાવાડા
(૭) શ્રી જનકભાઈ પાઠક, લુણાવાડા
(૮) શ્રી નીરવ ભાઈ ઉપાધ્યાય, સેવાલિયા
(૯) શ્રી સ્મિતલભાઈ પંડિત, અમદાવાદ
(૧૦) શ્રી વિનીતભાઈ દવે, અમદાવાદ
(૧૧) શ્રી લોમેશભાઈ ઉપાધ્યાય, કોઠંબા
(૧૨) શ્રી અમિતભાઈ જોશી, અમદાવાદ
(૧૩) શ્રી વિજયભાઈ ઉપાધ્યાય, અમદાવાદ
(૧૪) શ્રી રાજેશભાઈ કે. પંડ્યા, અમદાવાદ
(૧૫) શ્રી યોગેશ શુક્લ, અમદાવાદ

સર્વે નવનિયુક્ત ટ્રસ્ટીઓ ને હાર્દિક અભિનંદન અને શુભેચ્છા..

પૂર્વ પ્રમુખ શ્રી કમલેશભાઈ એસ. પાઠક

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત (એ/૩૩૬૨/અમદાવાદ)ના નવા હોદ્દેદારોની નિમણૂંક

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત (એ/૩૩૬૨/અમદાવાદ) ના નવયુક્ત ટ્રસ્ટીઓની મીટીંગ તા.૦૧/૦૨/૨૦૨૬ રવિવાર રવિ પુષ્ય નક્ષત્ર ના શ્રેષ્ઠ દિવસે શ્રી અમિતભાઈ જોશી ના નિવાસ્થાને યોજાઇ હતી. આ મિટિંગમાં નવા હોદ્દેદારોની નિમણૂંક સર્વાનુમતે કરવામાં આવી છે. જે નીચે મુજબ છે.

પ્રમુખ	- શ્રી ધ્રુવભાઈ જોશી (વડોદરા)
ઉપપ્રમુખ	- શ્રી જયંતભાઈ જોશી (ગાંધીનગર)
ઉપપ્રમુખ	- ડૉ. શ્રી મહેશભાઈ શુક્લ (લુણાવાડા)
મંત્રી	- શ્રી યોગેશભાઈ શુક્લ (અમદાવાદ)
સહમંત્રી	- શ્રી દિગીશભાઈ દવે (અમદાવાદ)
સહમંત્રી	- શ્રી રાજેશભાઈ પંડ્યા-રાજ (અમદાવાદ)
ખજાનચી	- શ્રી વિનીતભાઈ દવે (અમદાવાદ)
ઈન્ટર્નલ ઓડિટર	- શ્રી પ્રવીણભાઈ પુરોહિત (અમદાવાદ)

સર્વે ટ્રસ્ટીઓ એ પૂર્વ પ્રમુખ અને તમામ પૂર્વ હોદ્દેદારોને સમાજની શ્રેષ્ઠ સેવા કરવા બદલ ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

સર્વે ટ્રસ્ટીઓએ સમાજને આગળ લઈ જવા માટે તન, મન અને ધનથી સેવા કરવા માટેની ઉત્સુકતા દર્શાવી છે. સર્વે નવયુક્ત હોદ્દેદારોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

જીવનનિર્વાહ અન્ન સહાય યોજના

આદરણીય શ્રી બંધુઓ,

સમાજના મધ્યમ અને જરૂરિયાતમંદ કુટુંબોને મદદરૂપ થવા સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત (એ/૩૩૫૨/અમદાવાદ) દ્વારા જીવનનિર્વાહ અન્ન (અનાજ કીટ) સહાય યોજના અંતર્ગત ચાલુ વર્ષ (વર્ષ ૨૦૨૬) માં શ્રીગૌડ બ્રાહ્મણ સમાજના આર્થિક રીતે નબળા હોય અને આર્થિક સંકડામણ અનુભવતા હોય તેમજ મુખ્ય કમાનાર સભ્યનું અવસાન થયું હોય તેવા પરિવારોને, વિધવા, ત્યક્તા, છૂટાછેડા લીધેલી બહેનો, દિવ્યાંગ પરિવાર, કોઈ આપત્તિના કારણે ઘરની આવક બંધ થઈ ગઈ હોય જેમ કે નોકરી છૂટી ગઈ હોય તેવા પરિવારોને અન્ન - અનાજની કીટ (કરિયાણું)- સહાય આપવામાં આવનાર છે. આપ સર્વ શ્રીબંધુઓને અપીલ કરવામાં આવે છે કે આપના ધ્યાનમાં આવા કોઈ જરૂરીયાતવાળા "શ્રી" બંધુ/ પરિવાર હોય તો નીચે જણાવેલ કોઈપણ સભ્યને તા.૨૮/૦૨/૨૦૨૬ સુધીમાં વ્યક્તિગત જાણ કરશો. તપાસ કરીને યથાયોગ્ય અનાજની કીટ (કરિયાણું)- ની મદદ કરવામાં આવશે.

-: માહિતી આપવા માટેના સંપર્ક નંબરો :-

(૧) શ્રી જયંત જોષી (મો. ૯૬૦૧૯૯૫૫૬૭) (૨) શ્રી જયંત શુક્લ (મો. ૯૯૨૫૯૭૦૩૯૯)

(૩) શ્રી દિગીશ દવે (મો. ૮૫૧૧૧૮૪૧૮૪) (૪) શ્રી રાજેશ પંડ્યા (મો.૯૯૯૮૭૧૬૫૭૭)

(૫) શ્રી હાર્દિક શુક્લ (મો. ૯૬૬૨૫૦૯૮૭૫)

લાભાર્થીઓનુ સન્માન જળવાય તે માટે નામ કે યાદી જાહેરમાં પ્રસિધ્ધ કરીશું નહીં કે વિતરણકાર્યના ફોટા કોઈપણ સોશ્યલ મીડિયામાં પ્રસિદ્ધ થશે નહીં.

આર્થિક સક્ષમ શ્રીબંધુઓને સામાજિક સંદેશ

અન્નદાન એ મહાદાન છે. આ યોજના માટે સમાજના સભ્યો તરફથી દાન આવકાર્ય છે. સર્વે શ્રી બંધુઓને વિનંતી કરવામાં આવે છે કે આવા સેવાના કાર્યમાં યથાયોગ્ય મદદ પણ કરશો.

Bank Details:
Account name : Samast Shreegaud Samaj, Gujarat
Bank : State Bank of India, Branch : Pragatinagar
Account number: 30121839092
IFS Code: SBIN0008053

યોગદાન જમા કરાવી તેનો સ્ક્રીન શોટ શ્રી વિનીતભાઈ દવે (મો. ૯૭૨૫૦૯૭૮૦૭) કોષાધ્યક્ષને વોટ્સએપ ઉપર મોકલી આપવાનો રહેશે.

આભાર સહ.

શ્રી ધ્રુવભાઈ જોષી (પ્રમુખ) શ્રી યોગેશભાઈ શુક્લ (મંત્રી)
(મો. ૯૯૦૯૯૪૯૪૬૦) (મો. ૯૮૨૪૦૫૮૭૯૯)

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

શ્રી શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિ જીર્ણપક્ષ(૧૩૫) દશગામ પંચ સમસ્ત કાલોલ તથા મહાલક્ષ્મી મેડીકલ અને એજ્યુકેશન વેલફેર ટ્રસ્ટ કાલોલ નો ઈનામ વિતરણ અને સ્નેહમિલન સમારોહ

શ્રી નારાયણભાઈ જોષી, શ્રી ભગવતી પ્રસાદ પાઠક, શ્રી રાજુભાઈ દવે તથા તમામ કર્મઠ કાર્યકર્તા ભાઈ-બહેનો કે જેમના અથાગ પરિશ્રમ અને સહકાર થકી ૧૩૫ જીર્ણ પક્ષ,કાલોલ નો ઈનામ વિતરણ અને સ્નેહમિલન સમારોહ તારીખ ૨૧/૧૨/૨૫ ને રવિવારના દિવસે સુંદર રીતે યોજાઈ ગયો.વિશેષ અતિથિઓની હાજરીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ સોપાન થયો. નાના બાળકોએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો એ આનંદની વાત ગણાય. વિજેતા બાળકોને દાતાઓ થકી પોતાની સવિશેષ અભ્યાસુ સિધ્ધિઓ માટે ઈનામો આપવામાં આવ્યાં હતાં. વિજેતા વિદ્યાથીઓના ચેહરા ઉપર ઉત્સાહની રોનક અલગ જોવા મળતી હતી.

સ્ટેન્ડ અપ કોમેડિયન જ્ઞાતિબંધુ શ્રી દિવાકર શુકલે સુંદર સ્ટેજ પરફોર્મન્સ આપીને કાર્યક્રમમાં વિશેષ ઉત્સાહનું વાતાવરણ ઊભું કર્યુ હતું. શ્રીગૌડ જાગૃતિ તંત્રી શ્રી રાજેશ પંડ્યા 'રાજ' પણ કાર્યક્રમમાં હાજર રહેલા હતા.

આ કાર્યક્રમ ખૂબ આત્મીય અને કૌટુંબિક વાતાવરણ માં પ્રવાહિત થતો રહ્યો હતો જેને તમામ જ્ઞાતિજનોએ સંપન્ન થતાં સુધી માણ્યો. કાર્યક્રમ પૂરો થયા બાદ સ્નેહ મિલનના ભાગરૂપે ખૂબ સરસ ભોજન પ્રસાદ બ્રાહ્મણોને ભાવે તેવો રાખ્યો હતો. સૌ સ્વજનોએ ભરપેટ તેને માણ્યો હતો, સાથેસાથે એકબીજાને હળવા-મળવામાં સમય પસાર થતો હતો.આવતી સાલ આજ રીતે મળવાના વચન સાથે સૌ છૂટા પડ્યાં..

-તંત્રી શ્રી

આપનું હાર્દિક સ્વાગત કરે છે
મિલન સમારંભ

સદાશિવ

આયુર્વેદિક ક્લિનીક

પંચકર્મ એન્ડ એક્યુપંચર સેન્ટર

ડૉ. તરૂણ શુક્લ
બી.એસ.એ.એમ.

ડૉ. નિર્જર ટી. શુક્લ
બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ.
પીજી ડીપ્લોમા ઈન એક્યુપંકચર
પીજી સર્ટી ઈન પંચકર્મ

શ્રીમા એન. શુક્લ
એમ.એસ.સી. (1st Class)
બી.એ.એમ.એસ. (Cont.)

હાટડીયા બજાર, લુણાવાડા, જિ. મહીસાગર
સોમ થી શુક્ર સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮, શનિ ૯ થી ૧

૫-બી, શ્રુતિ કુંજ સોસાયટી, વિભાગ-૧, ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં,
જુના રેલ્વે ક્રોસીંગની પાસે, મણિનગર પૂર્વ, અમદાવાદ.
બીજો અને ચોથો શનિ - રવિ સવારે ૧૧ થી સાંજે ૭

Mobile : +91 99799 56633 ✆ 94296 18855

E-mail : shadashiv.ayurvedic.clinic@gmail.com
Website : www.shadashivayurvedic.in

ઉપલબ્ધ સારવાર

વાળ અને ચામડીના રોગોની સારવાર	ચામડી લટકી પડવી (ર્શેકલ) માટેની એક્યુપંચરથી સારવાર	અલ્પ વિકસીત સ્તનના વિકાસ માટે અદ્યતન મશીન દ્વારા સારવાર	ટાલમાં વાળ લાવવા માટેની સારવાર	વાળના મોડાની સારવાર, ખરતા વાળ અટકાવવાની સારવાર	આયુર્વેદિક પંચકર્મ (વમન, વિરેચન, તક્ષ, બસ્તિ, રક્ત મોક્ષણ)
કોઈપણ આડઅસર વગર વજન ઘટાડવા માટેની ઉત્તમ સરાવાર	પ્રસુતિ પછી વધતા પેટ અટકાવવાની સારવાર	તમામ પ્રકારના જુના હઠિલા રોગોની ઉત્તમ આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ	સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર	ઈચ્છિત સંતાન પ્રાપ્તિ માટે પુંસવનન કર્મ	સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર

સમસ્ત શ્રીગોડ બ્રાહ્મણ સમાજ વડોદરા દ્વારા
તા.૨૩/૧૧/૨૦૨૫ ને રવિવારે સાંજે ૪.૩૦ કલાકે

વાકળ સેવા કેન્દ્ર, સયાજીગંજ , વડોદરા ખાતે આયોજિત સ્નેહ મિલન, ઈનામ વિતરણ, વડીલશ્રીઓના સન્માન અને રમત ગમત નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જે સફળતા પૂર્વક સમ્પન્ન થયો હતો. શરૂઆતમાં દરેક વય માટે રમતનું આયોજન કરેલ તેની દરેક સભ્યઓ ભાગ લઈ તેને માણ્યો પછી મુખ્ય હોલ માં સમારંભની શરૂઆત ગણેશ વંદના અને શ્રી મહાલક્ષ્મી માતાજીની સ્તુતિ થી કરી .

આમંત્રિત મહેમાન શ્રી પ્રિયદર્શનભાઈ જોષી, દેવશ્રીબેન જોષી, આજના પ્રમુખ શ્રી બીપીનભાઈ પુરોહિત, ઉપપ્રમુખ શ્રી પુષ્પકભાઈ જોષી તથા ભાર્ગવભાઈ વૈદ્ય, મંત્રી અચીતભાઈ જોષી અને કૌશલભાઈ પૂરાણીક દ્વારા દિપ પ્રગટાવી કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ રાષ્ટ્રગીત પરંપરાગત સફેદ વસ્ત્રો માં ૫ ભાઈઓ દ્વારા રજુ કરવામાં આવ્યું.

સૌ પ્રથમ મંડળના આજના પ્રમુખશ્રી બીપીનભાઈ પુરોહિત એ મુખ્ય મહેમાનશ્રી તથા સૌ પધારેલ આમંત્રિત મહેમાનો અને મંડળના સૌ ઉપસ્થિત સભ્યો તેમજ પરિવારજનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. ભેટ આપનાર દાતા તથા ટ્રોફી દાતા નો આભાર માની તેમનું પણ સ્વાગત કર્યુ. મુખ્ય મહેમાનો નો પરિચય અનુક્રમે કૌશલભાઈ અને મંત્રી ભાવનાબેન ભટ્ટે આપ્યો અને મહેમાનો નું બુકે અર્પણ કરી તથા શાલ ઓઢાડીને સ્વાગત કર્યુ હતું.

બીપીનભાઈ એ મંડળ ની પ્રવૃત્તિ અને એહવાલ રજૂ કરી સૌને માહિતગાર કર્યા હતા ત્યારબાદ અતિથિ વિશેષ અને મુખ્ય મહેમાન દ્વારા પ્રાસંગિક પ્રવચન આપી મંડળની પ્રવૃત્તિઓ ને બિરદાવી હતી. દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી પછી ૭૦ વર્ષ વટાવી ચૂકેલ ત્રણ વડીલશ્રીઓ ને શાલ ઓઢાડી બુકે અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

મંડળ ના હાજર શ્રી રાજેશભાઈ પુરોહિત, શ્રી નરેશભાઈ જોષી, શ્રી ડૉ. સચિનભાઇ શુક્લ, શ્રી ભરતભાઈ પુરોહિત, કામાક્ષીબેન પંડ્યા વગેરે એ વિદ્યાથીઓ ને ભવિષ્યની કારકિર્દી અંગે માર્ગદર્શન કર્યુહતું. ઉપસ્થિતિ ૧૨૫ વ્યક્તિઓ માંથી અમુક જણે પોતાની કળા રજૂ કરી સૌ ને અભિભૂત કરી સંપૂર્ણ કાર્યક્રમ ને વિશેષ સફળતા અપાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળતા પૂર્વક સંચાલન મંત્રી ભાવનાબેન ભટ્ટ, અચીતભાઈ જોષી, બીપીનભાઇ પુરોહિત, કૌશલભાઇ પૂરાણીક, ધવલભાઈ પંડ્યા, એ કર્યુ હતું. નિરંજનભાઇ પુરાણી, શશાંકભાઈ પુરાણી,ભાર્ગવભાઈ વૈદ્ય, ચેતનભાઈ ભટ્ટે સ્ટેજ તથા ભેટ કાઉન્ટર સંભાળી લીધી હતી. શ્રી ભારતભાઈ જોષી એ ફોટોગ્રાફિ સાંભળી ચાર ચાંદ લગાવી દીધા. મંત્રી અર્ચીતભાઈ જોષી એ મંડળના આ કાર્યક્રમમાં સફળતા માટે સર્વે સહયોગીઓ પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો. સુંદર મઝાના ભોજનનો સ્વાદ માણી સૌ છૂટાં પડ્યાં.

॥ શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ ॥
શ્રીગૌડ બ્રા
વડોદર
સ્થાપના : ૨૧/૪/
Email: shrigod

શ્રીગૌડ સાડત્રીસ સમાજ નો ૩૫મો ઈનામ-વિતરણ ,સન્માન સમારંભ, સાંસ્કૃતિક કાર્યેક્રમ તથા ૩૫મી વા.સાધારણ સભા તા ૨૧/૧૨/૨૦૨૫ ને રવિવારે બોરસદ મુકામે

ખુબ સુંદર આયોજન સાથે સંપન્ન થયો આ સમારંભમાં સમાજ ના ત્રણ દાતાશ્રીઓ, ૧૯૫૦ માં જેમનો જન્મ થયો છે તેવા ૭૫ વર્ષે ના દશ સિનિયર-સિટીઝન, ૨૦૧૬ પછી ડૉક્ટર થયા હોય તેવા ૯ ડૉક્ટર, લગ્ન ના ૨૦ વર્ષે થી વધારે સમય થી માતા - પિતા ની સાથે આજેય રહેતા હોય તેવા ૧૯ પરિવાર , લગ્ન પછી બંન્ને ભાઈ (દેરાણી - જેઠાણી) સંયુક્ત પરિવાર માં ૧૦ વર્ષે થી વધારે સમય થી સાથે રહેતાં હોય તેવા ૬ પરિવાર નું શાલ,મોમેન્ટો અને માતાજી નો સુંદર ફોટો આપી સન્માન કરવામાં આવ્યું ત્યાર બાદ

બાલમંદિર (જુનીયર અને સિનિયર કે.જી) થી

લઈ કોલેજ અને ડિગ્રી મેળવનાર સમાજ ના તેજસ્વી વિધ્યાથી ઓ નું મેડલ,સન્માન પત્ર તથા ઈનામો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં ૩૨૫ થી વધારે જ્ઞાતિ બંધુઓ એ હાજરી આપી હતી. આ સમારંભમાં સમાજ ના મુખ્ય મહેમાન શ્રી રોહીતભાઈ પંડ્યા , અતિથિ વિશેષ શ્રી ભરતભાઈ રાજગોર તથા

શ્રી જીતેન્દ્રભાઈ પંડયા ઉપસ્થિત રહયા હતા

આ સન્માન સમારંભમાં ૪,૫૦,૦૦૦ રૂપિયા

પ્રભાબેન ભાલચંદ્ર જોષી અને ૧,૦૦,૦૦૦ રૂપિયા સ્વ. વિમળાબેન રમણલાલ વ્યાસ તરફથી

એજ્યુકેશન ફંડ માં ભેટ મળેલ છે તથા અન્ય ફંડ માં પણ હાજર દાતા ઓ તરફથી દાન મળેલ છે.

આ સમારોહમાં સવારે ચા નાસ્તો, બપોરે ખુબ સુંદર જમવાનું અને સાજે ચા-કોફી બીસ્કીટ ની

વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ સમારંભ ની સફળતા માટે મુખ્ય મહેમાન,અતિથિ વિશેષશ્રીનો..આભાર, મેડલ-ઈનામ,ભોજન ના દાતાશ્રીનો..આભાર, દાન આપના દાતાશ્રીઓ નો.....આભાર, સમારંભ નું સંચાલન કરનાર, મયુરીબેન, પારૂલબેન,યોગીનાબેન નો.....આભાર, ઈનામ -વિતરણની વ્યવસ્થા માં મદદ કરનાર સમાજ ના યુવાનોનો .....આભાર, સમારંભમાં હાજર જ્ઞાતિ બંધુઓનો આભાર, સાંસ્કૃતિક કાર્યેક્રમ માં ભાગ લેનાર બાળકો તથા તેમના વાલીઓ નો..... આભાર, વનિતા વૃંદની કારોબારી તથા બહેનોનો આભાર સમાજ ના કારોબારી સભ્યો નો..... આભાર, સમારંભ ના શુભેચ્છકો તથા સૌનો..આભાર, સમારંભ ના ઈનામો ,સન્માન પત્રો,મોમેન્ટો તથા અન્ય ખરીદી કરનાર ઈનામ ના કન્વીનર ડૉ.પ્રશાંતભાઈ જોષી, રાજેન્દ્રભાઇ જોષી નો ખુબ ખુબ આભાર સન્માન સમારંભ ની ભવ્ય સફળતા, સુંદર આયોજન કરવા બદલ સમારંભ ના કન્વીનર શ્રી પરેશભાઈ દવે, શ્રી દર્શનભાઈ પંડયા તથા નવયુવક વ્રજ દવે નો ખુબ ખુબ આભાર માનું છું

વિભાકરભાઈ વ્યાસ — જીજ્ઞેશ બી.પંડિત

પ્રમુખ — મહામંત્રી

શ્રી ગોડ સાડગીસ સમાજ
નડીયાદ
સ્થાપના - ૧૯૯૦

શ્રી ગોડ સાડગીસ સમાજ
નડીયાદ
સ્થાપના - ૧૯૯૦

શ્રી ગોડ સાડગીસ સમાજ
નડીયાદ
સ્થાપના - ૧૯૯૦

ટ્રસ્ટ રજી. નંબર : ઇ-૭૨૮૩/૧૯૮૯
AMC રજી. નં. : PIEL ૪૧૬૨૩/૧૯૯૫

૯૮ ૭૯ ૭૯ ૪૧ ૩૪
૯૮ ૭૯ ૬૦ ૪૧ ૩૪

॥ શ્રી ગણેશાય નમઃ ॥

Estd.1995
V. M. B.

હસમુખ જોષી સ્થાપિત

વિધાતા મેરેજ બ્યુરો

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ

૧૯૯૫થી ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનના તેમજ ભારતના, વિદેશના સર્વજ્ઞાતિના તમામ પ્રકારના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર લગ્ન સંસ્થા

સર્વ જ્ઞાતિના અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક - મેડીકલ, એન્જીનીયરીંગના ઉચ્ચ શિક્ષિત ભારતના - વિદેશના NRI માટેના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કોમ્પ્યુટરાઇઝ્ડ લગ્ન સંસ્થા

અપરણિત ● છુટાછેડા ● વિધવા ● વિધુર ● સીનીયર સીટીઝન
સફેદદાગ ● વિકલાંગ ● શારિરીક ક્ષતિ ● મુકબધિર ● પ્રજ્ઞાચક્ષુ
HIV ● NRIયુવક-યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી
પાત્રો આપની પસંદગી અને ઇચ્છા અનુસાર કોન્ટેક કરાવી આપવામાં આવે છે.

એક ફોન / મુલાકાત આપની જિંદગી બદલી શકે છે.

૩૧૬, ત્રીજોમાળ, સીટીગેટ, વિશાલા હોટલ અને રાજયશ સીટીની વચ્ચે, ન્યુ વાસણા, અમદાવાદ.
સમય : ૧૦ થી ૮ ● રવિવાર ૧૦ થી ૧ ● જાહેર રજાએ ચાલુ
Website : www.vidhatamarriage.com
E-mail : contact@vidhatamarriage.com

"લગ્ન સ્વર્ગમાં રચાય છે, તેમની જોડી "વિધાતા" યોગ્ય સમયે મેળવી આપે છે, તેમાં પુરુષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની "વિધાતા" પણ છૂટ આપે છે."

નિલમ જોષી
ધ્વનિ જોષી

દિના જોષી
મેનેજર

શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ,વ ડોદરા.

શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ , વડોદરા આયોજિત સ્નેહમિલન...ઇનામ વિતરણ અને ૭૦ વર્ષની વય વટાવી ચૂકેલ વડીલશ્રીના સન્માન કાર્યક્રમ તા.૨૧/૧૨/૨૦૨૫ ને રવિવારે ધ ગ્રાન્ડ ગાયત્રી બેન્ક્વેટ , સુભાનપુરા માં મંત્રમુગ્ધ વાતાવરણમાં સફળતાપૂર્વક વિશાળ મંડળના પરિવારજનોની હાજરીમાં સંપન્ન થયો છે.

સમારંભની શરૂઆત મહિલા પાંખની ભગિનીઓ દ્વારા શ્રી ગણેશ વંદના અને કુળદેવીશ્રી મહાલક્ષ્મી માતાજીની સ્તુતિ કરી વર્ષ દરમ્યાન શ્રીજી શરણ થયેલ સૌને યાદ કરી મૌન થકી હૃદયાંજલિ અર્પણ કરી.

ઉપરોક્ત ટ્રસ્ટી મંડળના પ્રમુખશ્રી જયેન્દ્ર દવે એ ઉપસ્થિત મહેમાનો અને પરિવારજનોનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ મહેમાનો નો પરિચય શ્રી ભરતભાઈ શુક્લ , શ્રી પ્રશાંતભાઈ પાઠક અને શ્રી યોગેશભાઈ દવે એ કરવી પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. મંડળમાં નવ નવીન સભ્યોનું આગમન ને શ્રી કિરીટભાઇ શુક્લ એ પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ હતું.

ટ્રસ્ટી મંડળના મંત્રીશ્રી મનોજ શુક્લ એ વર્ષ દરમિયાન આયોજિત પ્રવૃતિઓ નો વિસ્તારથી અહેવાલ રજૂ કર્યો હતો અને આગામી કાર્યક્રમની રૂપરેખા જાહેર કરી હતી. આજના સમારંભના મુખ્ય મહેમાન મૂળ શહેરા ના અને મુંબઈ સ્થિત આધ્યાત્મિક સંશોધક અને સુપ્રસિદ્ધ એડવોકેટ શ્રી વિનયચંદ્ર પાઠક , અતિથિ વિશેષ મૂળ વીરપુર ના હાલ નવસારી સ્થિત સાહિત્ય વિદ અને આયુર્વેદિક અભ્યાસી શ્રી પ્રિતેશભાઈ શુક્લ , શ્રી મુકેશભાઈ પાઠક અને શ્રી કનકભાઇ પાઠક એ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું.

ત્યારબાદ ૭૦ વર્ષ પૂર્ણ કરેલ પાંચ મહિલા સદસ્ય અને ચાર પુરૂષ વડીલશ્રીઓને શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. એ પછી મંડળના સદસ્ય ને M.E. અભ્યાસી શ્રી ભાવેશભાઈ પાઠક જેઓએ મિકેનિકલ એન્જિનિયરિંગમાં આઠ રિસર્ચ પેપર રજૂ કરી એમ. એસ. યુનિવર્સિટી દ્વારા P.hd. ડિગ્રી એનાયત થયેલ છે એમને સન્માનિત કરવામાં આવ્યાં.

વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમ્યાન વિવિધ ક્ષેત્રે લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ સર્વે પંચાવન યશસ્વી વિદ્યાથી વિદ્યાથીનીઓ ને ઇનામ અર્પણ કરી પુરસ્કૃત કરવામાં આવ્યાં હતા. ધોરણ - ૧૦ અને ધોરણ - ૧૨ માં મંડળમાં પ્રથમ આવનાર અનુક્રમે કુ. જીલ જીગ્નેશ દવે અને શ્રી હેત પ્રિતેશ દવે ને સ્વ.શ્રી દેવશંકર જોષી ના સ્મરણાર્થે ૨૦ ગ્રામ શુદ્ધ રજતચંદ્ર અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું.

શ્રી દેવાંગભાઈ દવે તરફથી રૂ. ૫૦૦૦/- શ્રી કનકભાઈ પાઠક તરફથી રૂ.૫૦૦૦/- શ્રી કિરીટભાઈ દવે , શ્રી નીતિનભાઈ દવે તથા દવે પરિવાર તરફથી એમના પિતાશ્રી સ્વ.રમણભાઈ દવે ના સ્મરણાર્થે રૂ.૫૦૦૧/- અને વડીલશ્રીઓના સન્માન અર્થે શાલ ના ખર્ચ પેટે રૂ.૧૫૦૧/- શ્રી ભાવેશભાઈ પાઠક તરફથી રૂ.૨૧૦૧/- , શ્રીમતિ જ્યોતિબેન દવે તરફથી રૂ.૧૦૦૦/- અનુદાન રૂપે મંડળને પ્રાપ્ત થયા છે.

સૌ સમારંભમાં સમયસર આવે એ હેતુથી સભ્યશ્રી કિશોરભાઈ શુક્લ તરફથી ભગવાનની ચાંદીની પાવડીઓ અને મંડળની ૧૩ કુંવારિકા ના ભોજન પાસ ભેટ રૂપે પ્રાપ્ત થયા હતાં. શ્રી રાજેશભાઈ પુરોહિતે હવે પછી થનાર P.hd. વિધાથી ને એવોર્ડ આપવાની જાહેરાત કરી હતી. ઉપરોક્ત સર્વે કર્ણવીરો પ્રતિ મંડળે આભાર વ્યક્ત કર્યો હતો. આજના સમારંભના સર્વે મહેમાનોને મંડળ તરફથી સ્મૃતિ ચિન્હ અર્પણ કરવામાં આવ્યા હતા.

અંતે શ્રી અસિતભાઈ શુક્લ એ આભાર વિધી કરી સૌ પ્રતિ આભાર વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળતા પૂર્વક સંચાલન શ્રીમતિ મીતુબેન શુક્લ અને શ્રીમતિ આરતીબેન દવે એ કર્યુ હતું.

મંડળ દ્વારા પીરસવામાં આવેલ સુંદર મઝાનું સ્વાદિષ્ટ ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી સૌમિલભાઈ શુક્લ એ કરી હતી જેને સૌ ન્યાય આપી સૌ સમારંભની સ્મૃતિઓ વાગોળતા વાગોળતા ઘર તરફ પ્રયાણ કર્યુ .

શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદ
દ્વારા આયોજીત
વડીલ સન્માન

શ્રી શ્રીગૌડ
ટ્રસ્ટ,
૨૦૦૨

૭૦ વર્ષ પૂર્ણ થયેલા વડીલશ્રી ભગવતભાઈ પાઠક ને મંડળ દ્વારા એમના નિવાસસ્થાને શ્રી જયેન્દ્ર દવે , શ્રી મનોજભાઈ શુક્લ અને શ્રી પ્રશાંતભાઈ પાઠક જઈ શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

શ્રી ભગવતભાઈ એ રૂ.૫૦૦/- મંડળ ને અનુદાન પેટે અર્પણ કર્યા હતા જે સ્વીકારી એમના પ્રતિ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

'જયશ્રી મહાલક્ષ્મી ધામ', 'માતૃ-સ્મૃતિ મંદિર', થલતેજ, અમદાવાદનો પાટોત્સવ

જયશ્રી મહાલક્ષ્મી ધામ, માતૃ-સ્મૃતિ મંદિર, ના ૧૮મા પાટોત્સવ નિમિત્તે શ્રી સહસ્ત્ર ચંડી મહાયજ્ઞ નું આયોજન કરવામાં આવેલ હતું. મહાસુદ ૬ ને શનિવાર તા. ૨૪-૦૧-૨૦૨૬થી મહાયજ્ઞનો પ્રારંભ થયો હતો. મહાસુદ ૮ ને સોમવાર તા. ૨૬-૦૧-૨૦૨૬ને સાંજે ૬.૦૦ કલાકે પૂર્ણાહુતિ થઈ હતી. આ પાવનકારી મંગલ પ્રસંગે જયશ્રી મહાલક્ષ્મી ધામ પરિવાર ના સર્વે શ્રદ્ધાળુઓએ આનંદપૂર્વક ભાગ લીધો હતો અને ભોજન લઈ સર્વે છૂટા પડ્યા હતા.

શ્રીગૌડ બ્રાહ્મણ પરિવાર દ્વારા ડાકોર પદયાત્રી સેવા કેમ્પ

શ્રીગૌડ બ્રાહ્મણ પરિવાર દ્વારા ડાકોર પદયાત્રી સેવા કેમ્પ દ્વારા ગડૈયા હનુમાન મંદિર પાસે, હીરાપુર ગામ, ડાકોર - મહેમદાવાદ રોડ પાસે સતત છેલ્લા ચાર વર્ષથી સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પના પ્રેરણા સ્રોત સ્વ. શ્રી વિનયકાંત માધવલાલ દવે પરિવાર અને સ્વ. ઈન્દિરાબેન પંડ્યા પરિવાર બન્યા હતા. શ્રી પારૂલબેન દવે, શ્રી અમિતભાઈ જોશી, શ્રી દિગંતભાઈ દવે અને શ્રી વિનિતભાઈ દવે સહિત મહિલા મંડળની તમામ બહેનોએ અને જ્ઞાતિભાઈઓએ સેવા આપવામાં ખૂબ જ રસ લીધો હતો.

સર્વે શ્રીગૌડ શ્રીબંધુઓને અમિતભાઈ જોશીના
જય મહાલક્ષ્મી.

૨૫ વર્ષ જૂના અને જાણીતા

જોષી ચશ્માવાલા
& કોન્ટેક લેન્સ ક્લિનીક

**નંબરના ચશ્મા, ગોગલ્સ અને
કોન્ટેક્ટ લેન્સ મેળવવાનું એકમાત્ર સ્થળ**

૧૪, શ્યામ ગોલ્ડ સિનેમા કોમ્પલેક્ષ,
બારેજા, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.
મો. ૮૨૩૮૮૧૧૫૯૧

તંત્રી વાર્તા - રાજેશ પંડ્યા "રાજ"

આશીર્વાદ

" પિન્ટુ, જો તારી દુધની બોટલ આખી ભરી દીધી. હવે તારી ચેરમાં બેસ. મમ્મીની સામે હસતો હસતો પી જજે."

" કપડાં બગડયાં ? ભલે બગડયા પણ બોટલ પૂરી કરી દે."

" આવો...આવો...વન..ટુ..થ્રી.. ફોર..એ..જુઓ મારો પિન્ટુ હસતો હસતો ચાલે છે.."

" પિન્ટુ અંદરથી બહાર આવ. તું બેડ ઉપર શું કરે છે ? "

પોતાના બે વરસના વહાલસોયા લાડલા પિન્ટુના, બાઈક અકસ્માતમાં મૃત્યું થતાં અર્ધપાગલ અલ્કાને આજે બે મહિને પણ કંઈ ભાન રહ્યું નહોતું, બસ આ રીતે લવારી જ કર્યા કરે. કોઈવાર ઘેનનું ઈંજેકશન પણ આપવું પડે ત્યારે એ સૂઈ જાય.

માર્ગ અકસ્માતમાં અલ્કા અને પ્રથમ બંનેને ઘણી ઈજાઓ પહોંચી હતી પણ પિન્ટુ હવામાં ફંગોળાતા દસ ફૂટ ઉછળી ખાડામાં પડયો હતો અને ત્યાં જ મૃત્યું પામ્યો હતો. અલ્કાને માથાના ભાગે ગંભીર ઈજા થતાં એક મોટું ઓપરેશન કરવું પડયું. અલ્કાને ઊંડો આઘાત લાગતાં એ અર્ધપાગલ થઈ ગઈ હતી. પ્રથમને બંને પગમાં ઓપરેશન કરી સળિયા નાંખવા પડયા હતા.

અલ્કાની માતા શર્વરીબેન એને શાંત કરવા કોશિષ કરતાં હતાં,એટલામાં એક પ્યાલા-બરણી વાળી એના બે વરસના છોકરાને આંગળી પકડી ચલાવતી ચલાવતી "પ્યાલા..આ....બરણી.." બોલતી બોલતી નીકળી.

અલ્કાએ એને બુમ પાડી ઉભી રાખી, બે વરસના બાળકને જોયું, એ એકદમ ઉભી થઈ રૂમ અંદર ગઈ અને તિજોરીમાં પિન્ટુના કપડાં હતાં એ હાથમાં પકડી બહાર આવી, પ્યાલા બરણી વાળીને કપડાં આપી અને એના બે વરસના છોકરાને તેડીને ઘરમાં જતી રહી. શર્વરીબેને આજુબાજુ પાડોશીઓને બુમો પાડી બોલાવ્યાં, બધાં ભેગાં થઈ ગયાં.

ઓટલા પાસે ટેકો દઈ ઊભેલી પ્યાલા બરણી વાળી એક શબ્દ પણ બોલી નહિ, એ રોઈ પડી, રડતાં રડતાં એટલું બોલી કે 'હે માતા રાની ! સબ કુછ છીન લેના પર અપના છોકરવા કો મત છીનો. મૈ ભી એક મા હું, મુજે પત્તા હૈ કી બહન પર કયાં ગુજર રહી હૈ. '

અલ્કા કેમે કરી બાળકને આપવા તૈયાર ના થતાં, પ્રથમે એને ઈંજેકશન આપી બેભાન બનાવી દીધી. રડતાં બાળકને હાથમાં પકડી પ્યાલા બરણી વાળીને આપી દીધું, છતાં પણ પ્યાલા બરણી વાળી ગઈ નહિ. પ્રથમે એને સો રૂપિયા આપ્યાં, પિન્ટુના કપડાં લઈ જવા કહ્યું પણ રડતાં રડતાં એ એટલું બોલી " સાબ ! મુજે કુછ નહિ ચાહિયે. બહનજી કા દુ:ખ મુજે દેખા નહિ જાતા હૈ. માતા રાની સે મૈ દુઆ માંગતી હું કે બહનજી કો ઠીક કર દે. ઉનકા દુ:ખ દૂર હો જાયે."

એટલું બોલી એના બાળકની આંગળી હાથમાં પકડી રડતી રડતી જતી રહી. અલ્કા બીજે દિવસે વહેલી સવારે જાગી તો પ્રથમના આશ્ચર્ય વચ્ચે એ સામાન્ય વર્તન કરવા લાગી.

અલ્કા બોલી " પિન્ટુનું આપણી પાસે આટલું જ લેણદેણ હશે.ભગવાન ! મારી કૂખે બીજો પિન્ટુ આપજે."

આજે એક વરસ થયું. બે માસનો નવો પિન્ટુ લઈ અલ્કા સાથે શર્વરીબેન આવેલા હતાં. શર્વરીબેને આસપાસ પાડોશીઓને પેલી પ્યાલાબરણી વાળી વિશે પુછપરછ કરી. બધાં એ એક જ જવાબ આપ્યો કે 'એ દિવસથી અમે એને કયારેય જોઈ નથી. અમને તો એમાં દેવીમા જ દેખાયાં. ભગવાનને મદદ કરવી હોય તો કોઈપણ સ્વરૂપે મદદ કરી શકે છે '.■

શ્રીગૌડ સમાજનું રતન કહેવાય એવા શ્રી વિજયભાઇ પુરોહિત

શ્રી બંધુ મિત્રો,



સ્વ. વિજયકુમાર અંબાલાલ પુરોહિત
જન્મ તા. ૩૧.૦૭.૧૯૨૯ સ્વ.તા. ૨૨.૦૨.૨૦૨૬ ફાગણ સુદ પાંચમ

આપણાં શ્રીગૌડ સમાજનું રતન કહેવાય એવા શ્રી વિજયભાઇ પુરોહિત આપણી વચ્ચે કાયમ માટે અલવિદા પામ્યાં છે. જેની ખોટ સમાજને અવશ્ય પડશે. વિજયભાઈની જીવન ઝરમર હું ભારે હૈયે આપની સમક્ષ રજૂ કરું છું. વિજયભાઈનો જન્મ તારીખ ૩૧/૦૭/૧૯૨૯ ના રોજ ગાંધીનગરના પીપળજ ગામે થયો. શ્રીગૌડ સોળ ગામ મેડતવાડ પક્ષ તેમનો કહેવાય. તેમના પિતાજી અંબાલાલ રેવાશંકર પુરોહિત મિલિટ્રિ માં હતા. મિલિટ્રિમાંથી નિવૃત્તિ બાદ મુંબઈમાં ખાનગી કંપનીમાં હિસાબ લખતાં. માતા મેનાબા ગૃહિણી હતાં.ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનોનો મોટો પરિવાર તેમને વારસામાં મળ્યો હતો.

વિજયભાઈના લગ્ન ૨૩/૦૫/૧૯૫૩ ના રોજ કાશ્મીરાબેન ત્રિવેદી સાથે થયા હતા. સંતાનોમાં ત્રણ દીકરા શ્રી ચેતનભાઈ, શ્રી વંદનભાઈ અને શ્રી પંકજભાઈ અને ત્રણ દિકરીઓમાં ગીતાબેન પંડ્યા, લીના શુક્લ અને છાયાબેન ત્રિવેદી છે.

તેમણ પ્રાથમિક શિક્ષણ પીપળજ અને ઉનાવા, જિલ્લો ગાંધીનગરમાંથી પ્રાપ્ત કરેલ. સારા માર્કે મેટ્રીક પાસ કરી, ઉચ્ચ અભ્યાસ અર્થે મુંબઈ સેન્ટ ઝેવિયર્સમાં બી.એ. વીથ ઇંગ્લીશ, ત્યારબાદ બી.એડ્. અને એલ.એલ.બી. અભ્યાસ અધૂરો છોડેલ હતો.

તેઓ ૧૯૬૦માં મુંબઈ છોડી પીપળજ આવ્યા. પિલવાઈ સ્કૂલમાં ટીચર તરીકે શિક્ષકની નોકરી શરૂ કરી હતી. તેઓ પીપળજથી પીલવાઈ જવા એક ઘોડી રાખેલ તેથી ઘોડીવાળા સાહેબ તરીકે ઓળખાતાં હતાં.

અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ, મીરઝાપુરમાં એક વર્ષ ટીચર તરીકે નોકરી કરી ત્યારબાદ તેમની સેન્ટ ઝેવિયર્સ નારણપુરામાં બદલી થયેલ. તેઓ વર્ષ ૧૯૮૬માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાંથી નિવૃત્ત થયા.

તેમની જિંદગીમાં તેમણે ખૂબ મહેનત કરી હતી. તેઓ ઘરેથી સવારે ૬.૦૦ કલાકે જતાં રાત્રે ૯.૦૦ કલાકે ઘરે પરત આવતાં. સ્કૂલમાં ભણાવતાં અને એકસ્ટ્રા ટ્યૂશન પણ કરતા. તેઓ સ્કૂલમાં વિદ્યાર્થીઓના માનીતા ટીચર્સ હતા. તેમના હાથ નીચે ભણેલા વિદ્યાર્થીઓએ દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરેલ છે. પોલીટીક્સ, ડૉક્ટર, ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ, આઈ.એ.એસ., આઈ.પી.એસ. અને અન્ય મોટા ક્ષેત્રોમાં કારકિર્દી તેમના વિદ્યાર્થીઓએ બનાવી છે.

ઝેવિયર્સ સ્કૂલમાં વિદ્યાર્થીઓ દર વર્ષે ગેટ ટુ ગેધર રાખે તો તેમને અચૂક યાદ કરી લઈ જાય અને સારો મોમેન્ટો તેમને આપતાં.

તેઓ સારા લેખક અને કવિ પણ હતાં. તેમણે તેમની વાર્તા 'વંચના' બહાર પાડેલ. સંદેશ પેપર બુધવારે તેમના બાળગીતોમાં કવિતા પ્રસિદ્ધ થતી.

રોજ ત્રણ પેપર વાંચતા અને તેમાં આવતા જોડણીના શબ્દો ભરતાં.

પૌત્ર, પૌત્રીનાં કે અન્ય કોઈના લગનમાં પણ મંગલાષ્ટક પોતે લખી આશીર્વાદ આપતા હતા.

કલરવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગુજરાત સાહિત્ય મેગા સ્પર્ધા ૨૦૨૫ - માવતરમાં ભાગ લઈ ૯૬ વર્ષ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ.

વિજયભાઈએ નિવૃત્તિ બાદ પણ સેવા પ્રવૃત્તિ ચાલુ રાખી હતી - લાયન્સ કલબ, મીઠાખળી, અમદાવાદમાં સભ્ય હતા, ઉદ્‌ગમ સ્કૂલમાં ટીચર તરીકે, ટર્ફ સ્કૂલ નારણપુરામાં પ્રિન્સિપાલ તરીકે, હિરામણી સ્કૂલ, અંધજન મંડળ, માનવ મંદિર, અમદાવાદમાં શિક્ષણ સેવાઓ આપી હતી.

શ્રી ગૌડ સમાજ સેવાના ભાગરૂપ શ્રી ગૌડ સમાજમાં મંત્રી, સહમંત્રી અને કારોબારી સભ્ય તથા ટ્રસ્ટી તરીકે પોતાનું સ્થાન દિપાવ્યું હતું.

શ્રીગૌડ સોળ ગામ મેડતવાળ પક્ષમાં બે વર્ષ ઉપપ્રમુખ તરીકે અને ચૂંટણી અધિકારી તરીકે ચાર વર્ષ સેવા આપેલ હતી.

શ્રીગૌડ મેડતવાળ જ્ઞાતિ ઉન્નતિ મંડળનાં પ્રમુખ તરીકે આઠ વર્ષ સેવા આપેલ હતી.

સમસ્ત બ્રહ્મ સમાજ, વાડજ વિભાગ-૪માં સક્રિય રહીને સેવા આપેલ હતી.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, શ્રી કસ્તુરભાઈ લાલભાઈ વિશ્વ વિદ્યા સંકુલમાં પણ સેવા આપેલ હતી.

તેઓ સ્કૂલનાં વિદ્યાર્થીઓ પાસે જૂના કપડાં, ચંપલ ભેગા કરી પીપળજ ગામમાં ગરીબ લોકોને આપતા હતા.

૯૭ વર્ષની ઉંમરે તેમને હરવા, ફરવા, વાંચવા, લખવાનો, ખાવા પીવાનો, ક્રિકેટમેચ જોવાનો આવા બધા શોખ સાથે આધુનિક ચલચિત્રોના પણ શોખીન હતા.

તેમણે ભારતમાં તથા વિદેશમાં પણ સારો એવો પ્રવાસ કરેલ. તેમની યાદ શક્તિ આયુષ્યના છેલ્લા દિવસ સુધી અકબંધ રહી હતી.

તેમની પત્ની કાશ્મીરાબેનનું અવસાન તા. ૧૩-૦૯-૨૦૧૭નાં રોજ થયેલ હતુ. ત્યારબાદ પણ તેઓ દરેક કાર્યમાં સતત પ્રવૃત્તિશીલ રહેતા હતા. વિજયભાઈનું અવસાન તા. ૨૨-૦૨-૨૦૨૬ના રોજ ટૂંકી માંદગી બાદ ૯૭ વર્ષે થયેલ.

આવા સમાજ મોભીને આપણે સૌ ભારે હૈયે અલવિદા કહીએ. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે તેવી આપ સર્વે સાથે મારી પ્રાર્થના છે. ૐ નમઃ શિવાય.

- તંત્રીશ્રી રાજેશ પંડ્યા - રાજ

કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ - સાવલી

NABH માન્ય

આપણી સંસ્કૃતિના મૂળમાં રહેલા આયુર્વેદિક ઉપચારો દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યને પામીએ!

Ayurvedic Care for a Harmonious Life.

હવે દરેક સ્વાસ્થ્ય સમસ્યાનો આયુર્વેદિક ઉપચાર
કાશીબા આયુર્વેદિક હોસ્પિટલમાં.

- વૈજ્ઞાનિક રીતે માન્ય અને પરંપરાગત આયુર્વેદિક ઉપચારો
- નિષ્ણાંત વૈધ-તબીબો દ્વારા વ્યક્તિગત સારવાર
- શરીર, મન અને આત્માનું સંપૂર્ણ આરોગ્ય

પંચકર્મ | હર્બલ થેરાપી | પૌષ્ટિક ડાયેટ

આયુર્વેદ સાથે સ્વાસ્થ્યની નવી ઊંચાઈઓ પર પહોંચો!

ધર્મેશ ભાનુપ્રસાદ પંડ્યા
(મેનેજીંગ ટ્રસ્ટી)

KJIT કેમ્પસ, ITI-નવી કોર્ટ સામે,
સાવલી, જી.વડોદરા

વધુ માહિતી માટે સંપર્ક:
02667-290541, 757 304 1994

www.kjiar.edu.in/kashiba

ગઈકાલની સુગંધ

ભવ્યા ડી. શુક્લ

ક્ષણો ત્યારે જ સમજાય છે,
જ્યારે એ હાથમાંથી સરકી જાય.
ભીની માટી, જૂના કાગળ
બધું યાદ બની જાય.

દરેક ખાલીપો કોઈનો નથી,
ક્યારેક એ સમયનો હોય છે.
જે સામાન્ય લાગતું,
એ જ આજે ખાસ બને છે.

જીવન એવું જ છે,
ક્ષણમાં સરે, ક્ષણમાં વરે,
યાદ બનીને હૈયે ઠરે.

શબ્દો જડ્યા જ નહીં

મળીશું મળીશું કહી ક્યારે મળ્યા જ નહીં,
આંખોની ભાષાને શબ્દો જડ્યા જ નહીં.

શાંત શ્વાસ અને ઉચ્છવાસ અથડાયા કાને,
જે સાંભળવું હતું એ પડઘા પડ્યા જ નહીં.

મનમાં ઊભરાતી પ્રેમની લાગણીના મોજા,
અમાસની ઓટમાં કિનારે પહોંચ્યા જ નહીં.

એક જ રંજ રહ્યો જીવનભર મનને મનમાં,
રહી પાનખર વસંત ના ફુલ ખિલ્યા જ નહી

દક્ષેશ જોષી, વડોદરા

કાકણપુર

કિશોરભાઈ શુક્લ

કાયમ સ્મરણમાં રહેશે સંસ્કારી વતન છે પ્યારુ'.
કલરવતી મહ્યો સરિતાથી હરિયાળુ' વતન છે ન્યારુ'.
(ગ)ણપતિ સહ જાળેશ્વરદાદાની કૃપા સૌભાગ્ય અમારું.
પુલકિત રહે છે સૌ ગામજનો, વહાવે હેત અપાર.
રમણીય માતૃભૂમિ અને જનગણ, દાખવે મમતા અપાર.

અતૂટ બંધન

દિશાંક વ્યાસ, કાલોલ

"પ્રેમ, તકરાર, ગુસ્સો અને વ્હાલ,
વરહો વીત્યા જાણે દિ થયા ચાર.

દુ:ખ સમા તડકા ને સુખ સમી છાયા,
પકડી રાખજે હાથ; આ તો જીવનભર ની માયા.

ઈશ્વરે આપેલું જીવન તેના થકી એક તાંતણે બંધાયું છે,
પ્રેમ થકી અકબંધ છે ને પ્રેમ થકી સચવાયું છે."

ટ્વિંકલ ના સાથ ની આશ સાથે,

શિવ તું !

જીવન-સફરમાં ચાલક તું,ચાલકમાં પ્રેરક પણ તું,
સમાધિમાં શાંતિ તું, શાંતિમાં ધ્યાન પણ તું,
ચક્રમાં ગતિ તું,ગતિમાં પ્રગતિ પણ તું,
સુરજમાં પ્રકાશ તું,પ્રકાશમાં ઉર્જા પણ તું,
ઉર્જામાં જીવન તું,જીવનમાં પ્રાણ પણ તું,
પ્રાણમાં શ્વાસ તું, દિલોમાં ધબકાર પણ તું,
ધબકારમાં ચેતના તું,ચેતનામાં ચૈતન્ય પણ તું,
સજીવોમાં જીવ તું, નિર્જીવોમાં અણું પણ તું,
પશુ-પક્ષી, વૃક્ષોમાં તું, જડ- ચેતન સર્વેમાં તું,
સમગ્ર સૃષ્ટિમાં શિવ તું, કલ્યાણકારી સદા તું,
શિવ તણો મહિમા આ જગમાં જેણે જાણ્યો ,
પાવન બન્યો પામર જીવ,પરમતત્વનેપામ્યો.

દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પંડ્યા

એમ જ

(સોનેટ)

આ કાળખંડમાં અમે આવી ચઢ્યા એમ જ;
ખબર નોતી ભારત વર્ષે આવીયા એમ જ;
સરકતા સમયમાં મોટા થયા અમે એમ જ;
નાનપણની યાદો વટાવી યુવાન; એમ જ;
ક્યાં કશું કરવાના મૂડમાં હતા એમ જ;
ભણવામાં પણ ઠોઠ નિશાળીયા છે; એમ જ;
છતાં નિર્દયી સમય કાળે ટક્યા એમ જ;
લાગણીના સથવારે પલળી ગયા એમ જ;
કુટુંબ કકળાટે ખખડી રહ્યા એમ જ;
ખબર નથી શાથી ?તરસી રહ્યા એમ જ;
એ પુરાણી યાદો ખંખેરતા રહ્યા એમ જ;
ના કશું ય પામી રહ્યા એથી છી એ એમ જ;
કોઈ કવિતા કરતા ઝુમી રહ્યા એમ જ;
આ દીવાનગી છે ને જિંદા દિલી; બસ એમ જ.

ડૉ.બિરેન પાઠક, ઘોઘંબા

માન

માન મનનો મોંઘો મણકું, સાચા સંસ્કારથી સજેલું.
નમ્ર નયન, નીતિ નાદ, સત્યથી જીવન ઉજળેલું.

ધન–દોલત આવે ને જાય, પદ–પ્રતિષ્ઠા ક્ષણમાં ખોવાય,
પણ સત્યવાણી, શુદ્ધ વર્તન, માનને સદા જીવંત રાખે.

મીઠા શબ્દો, મજબૂત કર્મ, કરુણા–કર્મનો કરાર બને,
અહંકાર જ્યાં દૂર રહે, ત્યાં માન આપોઆપ ઊગે.

માન ન માગે મોટો મંચ, ન શોરગુલનો સાથ લે,
શાંત શ્રમ, સચ્ચાઈથી જીવનને સાચો અર્થ દે.

સુખ–દુઃખે સમતોલ રહી, સત્યપથ પર અડગ ચાલે,
માનવીયતા–મર્યાદા જીવનને પ્રકાશે ઢાલે.

સમય સરકે, દિન બદલાય, યાદોમાં જે રહે અમિટ,
એ જ સાચું જીવનમાન, અક્ષય મૂલ્ય, અમૂલ્ય ચિત.

દીપકભાઈ શુક્લ, ગોધરા

વસંતનું આગમન

ફૂલો હસ્યા હરેક ડાળી પર, વસંત આવી જાય છે,
ધરતીએ ઓઢી હરિયાળી ચાદર, વસંત આવી જાય છે.

કોયલના કંઠે મીઠાં સૂર ને ગીતો છલકાઈ જાય છે,
પવન વહે સુગંધ લઈને, તન-મન મોહી જાય છે.

રવિકિરણો આંગણે આવીને ઓજસ પાથરી જાય છે
અંધકારના બધા પડછાયા જાણે પળમાં ઓગળી જાય છે.

પંખ ફેલાવી નાચે પંખી આનંદમાં ઝૂમી ગાય છે
નદી-નાળા, વન-ઉપવન પણ હર્ષથી લહેરાઈ જાય છે.

નવા સ્વપ્નો, નવી આશા વસંત ટાણે દિલમાં ઊગી જાય છે,
નિરસ જીવનમાં પણ હવે રંગોની જાજમ પથરાઈ જાય છે.

"જાગો માનવ, ઉલ્લાસ ભર્યા ભાવથી", વસંત જ્યારે કહે છે
દરેક શ્વાસમાં જીવનના મધુર સંગીત સંભળાઈ જાય છે.

આ સૌંદર્ય જોઈ "સુવાસ"ના શબ્દો મહેક ફેલાવી જાય છે,
પ્રકૃતિની આ મધુર લીલામાં મન પણ બહેકી જાય છે.

કાગળ પર ઉતરે લાગણીઓ, કાવ્ય બની જાય છે,
વસંત સાથે "સુવાસ"નું નામ અમર થઈ જાય છે.

ક્રિષ્ના શુકલ 'સુવાસ'

મને ગમે

ઉગતા સૂરજની એ પહેલી કોમળ કિરણ થઈને ધરતીને સ્પર્શવું મને ગમે.

વહેલી પરોઢમાં વાતાવરણમાં ફેલાતી એ મધુરસુ ગંધ થવું મને ગમે.

દેવાલયમાં ગવાતી સ્તુતિના એ હૃદયસ્પર્શી શબ્દ થવું મને ગમે.

નવ જન્મેલ શિશુનો માતાના ખોળામાં આવીને કરેલો પહેલો કિલકારી થવું મને ગમે.

ખીલતા ફૂલોમાંથી નીકળતી મધુર મીઠી સુવાસ થવું મને ગમે.

સમી સાંજની વેળાએ આથમતા સૂરજને સ્પર્શતા સમુદ્રના જળ થવું મને ગમે.

દુખીયારાઓની આંખમાંથી નીકળતા આંસુઓને લુછવા માટેનો રૂમાલ થવું મને ગમે.

આશુતોષ પાઠક

વિશ્વાસ

વિશ્વાસ હતો તારા પરનો એ તુટી ગયો,
નહોતું ધાર્યું હતું પણ એ થઈ ગયુ,
ત્રણ દિવસ માં પાછી આવુ છું એ વિસ્વાસ દઈને ગઈ
હમણાં જ પાછી આવી જશે
એ રાહ જોતી હતી,
અચાનક આ શું થઈ ગયુ
એ કોઈને ખબર ના પડી,
એક મીનીટ માં તો અગણિત
એ જીવો ભસ્મ થઈ ગયા,
નહોતી ખબર મને કયારેય
કે આવું થઈ જશે
નહીં તો તને જવાજ ના દેત ને,
ખેર, તને શુ મંજુર છે,
એ મને નથી ખબર, મન
મને શુ મંજુર છે
એ તને નથી ખબર
હવે તો તારોને મારો
નાતો તુટી ગયો
વિશ્વાસ હતો તારા પરનો
એ તુટી ગયો,
બસ, "અંશ"મને સોંપી ને ગઈ
એજ તારો વિશ્વાસ બતાવે છે.

મારી પુત્રવધુ અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામી છે
એની યાદમાં લખવા પ્રયત્ન કર્યૉ છે, ભુલ હોય તો સુધારજો.

તરલિકા ટી. શુક્લ (લુણાવાડા)

સમી સાંજ ને હું

વાસન્તિ વાયો સમીર, સમી સાંજ ને હું,
થાય મળવા મન અધિર, સમી સાંજ ને હું.
રાત ના ઘેરા તિમિર, સમી સાંજ ને હું,
કિષ્નરાધા ની લકીર, સમી સાંજ ને હું.
વાંસળી થી જળ બધિર, સમી સાંજ ને હું,
સ્વયં અલગારી ફકીર, સમી સાંજ ને હું.
વાયરો વાતો મદિર, સમી સાંજ ને હું.
કહાન રંગે કથીર,સમી સાંજ ને હું.
આવ ઓરી તું લગીર, સમી સાંજ ને હું,
ખોલ ના મારું ખમીર,સમી સાંજ ને હું.

રાજેન્દ્ર પાઠક
વડોદરા

ઢળતી સાંજે અને હું

ઢળતી સલુણી સંધ્યાએ
બેઠી હું સાગર કિનારે,
મન મુંઝાય ઘણું તોય
હૈયામાં યાદો ઉછાળા મારે..
ક્ષિતિજ ને જોતા લાગે
સાગર ને કિનારો મળ્યો,
આ ઢળતી સાંજને માણવા
જીવનની વહીરહેલી
રોકાઈગઇ ક્ષણો..
આથમતા સુરજથી બનતા રંગો
ઉતરી આવ્યા આંખમાં,
ઢળતી સાંજ અપાવે યાદ
તારા નજીવા એ સ્પર્શમાં...
સાગર કિનારે મળેલી
પહેલી મુલાકાત સાંજની,
સપનું લજામણુ અને
સોહામણુ લાગે તે વાત
ઢળતી સાંજની...

ભારતીબેન ઉપાધ્યાય

હોય છે

દરેક રામને અહિંયા પોતાનો હનુમાન હોય છે;
એટલે જ સહુને હૈયે પોતાને હામ હોય છે !

દરેક રામને અહિંયા કંટકભર્યો વનવાસ હોય છે;
શરત એકમાત્ર ઈશ્વર થવા માટેની એજ હોય છે !

ફરમાન સીતાની શોધ માટે રાઘવનું હોય છે;
લંકા દહન તો હનુમાન માટે સહજાસહજ હોય છે !

દરેક રામને અહિંયા મર્યાદાઓ પોતાની હોય છે;
શૂર્પણખાઓ માટે એ મર્યાદાઓ પનોતી હોય છે ;

પૂણ્ય પ્રતાપી અયોધ્યા હોય કે પછી છો ને હોય એ લંકા ;
પ્રભાવ તો રામનો અજરાઅમર હોય છે !

ભલે ને પચી તે હોય ત્રેતા કે કલી હોય;
રામને જરૂર હંમેશા હનુમાનની હોય છે !

સુનિલ ઉપાધ્યાય

સ્ત્રી

- અદિતિ પંડિત

સ્ત્રી એટલે જેના થકી પુરુષને,
પોતાની ઓળખાણ અને નામ મળે.
તે જ સ્ત્રીને પોતાની ઓળખાણ માટે,
પુરુષના નામની જરૂર પડે છે.
જો કુંવારી હોય તો બાપના નામની ઓળખાણ,
પરણિત હોય તો પતિના નામની ઓળકાણ.
હજુ ભારતની સ્ત્રીઓને સમાનતા, સાક્ષરતા અને સ્વતંત્રતા
આપવામાં આળતી નથી.
હજુ ભરતની સ્ત્રીઓને હંમેશા
પરિવારના, ઓફિસના કેન્દ્રમાં જ રહી છે.
સ્ત્રી સશક્તિકરણ થયું પણ હજુ સરક્ષિત નથી.
હજુ ભારતમાં સ્ત્રીઓ માટે
સંપૂર્ણ સમાન અધિકારો ઓફર કરવામાં આવ્યા નથી.
આપણા દીકરાને સ્ત્રી સન્માન શીખવવાનું છે
આવનારી પેઢીના બદલાવ માટે...

એન્જિનિયરીંગ અભ્યાસ માટે શ્રેષ્ઠ વિકલ્પ (સાવલી) વડોદરામાં

K.J. INSTITUTE OF ENGINEERING & TECHNOLOGY

Savli, Dist. Vadodara

(Approved by AICTE, Affiliated to Gujarat Technological University)

વાર્ષિક ૮ લાખથી ઓછી આવકવાળા વિદ્યાર્થીઓ માટે

100% Scholarship (NO FEES)

Diploma (Polytechnic) – Degree Engineering College

SSC ધો. ૧૦ પછી	HSC ધો. ૧૨ પછી
૩ વર્ષનો ડીપ્લોમા	૪ વર્ષનો B.E. એન્જીનીયરીંગ કોર્સ

- Computer
- I.T.
- E.C.
- Mechanical
- Electrical
- Civil
- Automobile

સફળતાપૂર્વક અભ્યાસ પછી ૧૦૦% ગેરંટીડ પ્લેસમેન્ટ અથવા પુરી ફી પાછી.

- કૉલેજ કેમ્પસમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે હોસ્ટેલની સવલત
- વડોદરા શહેરના વિવિધ સ્થળોએથી કૉલેજ બસની સુવિધા

K. J. Campus, Opp. I.T.I., Savli - 391770, Dist. Vadodara. | Ph. : (02667) 222264 : 8980314190

VADODARA ADMISSION HELP CENTRE :

C-212, Manubhai Tower, Near Havmor Restaurant, Sayajigunj, Vadodara. | : (0265) 2222 900 www.kjit.org

તા. ૧/૪/૨૫ થી ૨૮/૧૨/૨૫ સુધી અગાઉની કારોબારી દરમિયાન આવેલ અન્નસહાય કીટ સહયોગની યાદી. (જેમાં કીટ વિતરણ તરીકે ખર્ચ થયેલ છે)

ક્રમ	નામ	રકમ રૂ.
૧.	શ્રી ઉદયભાઈ શાસ્ત્રી	૧૦૦૦
૨.	કાશ્મીરાબેન એમ. પાઠક	૧૦૦૦
૩.	શ્રી કલ્પેશભાઈ એચ. પાઠક	૨૦૦૦
૪.	ડૉ. વનશ્રી યોગેશભાઈ શુક્લ	૧૦૦૦
૫.	શ્રી રીદ્ધેશભાઈ પંડ્યા	૧૦૦૦
૬.	શ્રી મુકેશભાઈ શાસ્ત્રી	૧૦૦૦
૭.	શ્રી મહેન્દ્રકુમાર પુરોહિત	૨૦૦૦
૮.	શ્રી લીનાબેન ડી. શુક્લ	૧૦૦૦
૯.	ભાર્ગવીબેન અગ્નીહોત્રી	૧૦૦૦
૧૦.	શ્રી પકંજભાઈ શુક્લ	૧૦૦૦
૧૧.	ડૉ. કોકીલભાઈ ધવે	૧૧૧૧
૧૨.	રસ્મીકાબેન શુક્લ	૧૦૦૦
૧૩.	ધર્મેન્દ્રભાઈ શુક્લ	૧૦૦૦
૧૪.	કલાબેન કે. પાઠક	૫૦૦૦
૧૫.	શ્રી શુભેચ્છ સભ્ય (ગુપ્તદાન)	૨૦૦૦
૧૬.	ભરતભાઈ દવે	૧૦૦૦
૧૭.	નીલાબેન એન. શુક્લ	૨૦૦૦
૧૮.	દેવાંગભાઈ ડી. દવે	૧૦૦૧
૧૯.	દિપકભાઈ દવે	૧૦૦૦
૨૦.	વિપુલભાઈ દવે	૨૦૦૦
૨૧.	નલીનીબેન ભટ્ટ	૧૦૦૦
૨૨.	દર્શનાબેન શુક્લ	૧૦૦૦
૨૩.	ગીરીશભાઈ શુક્લ	૧૧૧૧
૨૪.	આર. એમ. પંડ્યા	૧૦૦૦
૨૫.	અતુલભાઈ એમ. ભટ્ટ	૧૦૦૦
૨૬.	ગીતાબેન બી. પંડ્યા	૬૦૦૦
૨૭.	વી. કે. પંડ્યા	૬૦૦૦
૨૮.	ગુપ્ત દાન	૧૧૧૧
૨૯.	તેજસભાઈ પુરોહિત	૧૦૦૦
૩૦.	પૂર્ણિમાબેન ડી. જોશી	૧૦૦૦
૩૧.	ગુપ્તદાન	૫૫૦૦
૩૨.	કિંજલબેન શુક્લ	૧૦૦૦
૩૩.	મીરાત એમ. દવે	૧૦૦૦
૩૪.	મૈત્રી એમ. દવે	૧૦૦૦
૩૫.	શ્રી પ્રશાંતભાઈ પાઠસ	૩૦૦૦
૩૬.	શ્રી પ્રફુલ્લભાઈ પુરોહિત, યુ.એસ.એ.	૩૦૦૦૦
૩૭.	શ્રી વિનીતભાઈ દવે	૧૦૦૦
૩૮.	દર્શનાબેન શુક્લ	૧૦૦૦
૩૯.	ગુપ્તદાન	૫૦૦૧
૪૦.	શ્રી પ્રફૂલ્લભાઈ પુરોહિત, યુ.એસ.એ.	૧૧૦૦૦
૪૧.	શ્રી શંકરભાઈ એમ. દવે	૧૦૦૦૦
૪૨.	શ્રી ધ્રુવભાઈ જે. શુક્લ	૨૫૦૦
૪૩.	શ્રી ગીરીશભાઈ શુક્લ	૧૫૦૦
૪૪.	ડૉ. રોશની કોકીલભાઈ દવે	૧૧૧૧
૪૫.	શ્રી ધર્મેશભાઈ શુક્લ	૧૧૦૦
૪૬.	શ્રી હાર્દિકભાઈ શુક્લ	૧૦૦૦
૪૭.	શ્રી ગીરીશભાઈ શુક્લ	૧૫૦૧
૪૮.	શ્રી અરુણભાઈ એમ. પાઠક	૫૦૦૦

ખુશીનું વૈદું

- તાંદળજાની ભાજી માં એટલા બધા ગુણ છે કે એ રોજ ભોજનમાં લેવાથી એક અલગ શરીર વ્યવસ્થા જન્મે છે. લોહીની અંદરના ઝેરી તત્વો સાફ થાય છે. કબજિયાત જેવી સમસ્યાથી કાયમનો છુટકારો મેળવાય છે. ઈમ્યૂનીટી સિસ્ટમ સારી રીતે જળવાય છે. આ એક એવી ભાજી છે કે શરીરમાં દવાઓની આડઅસરો પેદાં થઈ હોય તો સરળતાથી દૂર થઈ જાય છે. એનો બાફીને ઉપયોગ કરવો યોગ્ય ગણાય છે. રોજ તાંદળજો ઔષધિની જેમ ખાનારને લગભગ ડૉક્ટરની ત્યાં ઓછું જવું પડે છે.
- કોરોના પછી શરીરમાં ખાસ કરીને ફેફસાંની આવેલી નબળાઈઓ માટે સિઝનમાં હળદરનો રસ અને સિઝન વગર હળદર વાળું દુધ રાહત આપે છે. હળદરના અનેક ફાયદાઓ છે પણ કેન્સર રોકનાર રસાયણ curcumin તેમાં રહેલું છે. સાંધાના દુઃખાવાથી શરૂ કરીને ડાયાબિટીસ-કોલેસ્ટેરોલના દર્દીઓ માટે, ખાંસી માટે ખૂબ ઉત્તમ રસાયણ તરીકે કામ આપે છે. નિયમિત હળદરનું સેવન ઈમ્યૂનીટી સિસ્ટમ સારી વિકસાવે છે.

તા. ૨૮/૧૨/૨૫ થી ફેબ્રુઆરી ૨૬ સુધી
નવી કારોબારી દરમિયાન આવેલ અન્નસહાય કીટ સહયોગની યાદી

(૧) રૂ.૧૧,૦૦૦/- શ્રી સ્મિતલભાઇ કુળદીપકભાઈ પંડિત, અમદાવાદ
(૨) રૂ.૧૧,૦૦૦/- શ્રીમતી જ્યોતિબેન વિનીતભાઈ દવે,અમદાવાદ
(૩) રૂ. ૧૧,૦૦૦/- શ્રી ધ્રુવભાઈ જોષી, વડોદરા
(૪) રૂ. ૧૦,૦૦૦/- શ્રી બંકિમભાઈ અરવિંદભાઈ શુક્લ, શહેરા/ યુએસએ
(૫) ૧૦૦૦ કિ.ગ્રા. ચોખા શ્રી અમિતભાઈ જે. જોષી (જોષી ચશ્માવાળા) બારેજા/ અમદાવાદ
(૬) રૂ. ૨૫૦૦/- ગુપ્ત દાન
(૭) રૂ. ૫૦૦૦/- શ્રીમતી કલ્પનાબેન રાજેન્દ્રભાઈ પંડ્યા, અમદાવાદ
(૮) રૂ.૧૧૧૧/- શ્રી કોકીલભાઈ કનુભાઈ દવે, અમદાવાદ
(૯) રૂ. ૫૦૦/- શ્રી પ્રકાશભાઈ હરીહરભાઈ ઉપાધ્યાય, અમદાવાદ
(૧૦) રૂ. ૫૦૦૦/- શ્રીમતી કૃપાબેન કૌશિકભાઈ પાઠક, અમદાવાદ
(૧૧) રૂ. ૧૧૦૦/- હાર્દિકભાઈ શુક્લા તરફથી તેમની દીકરી રુદ્રા ના જન્મદિવસ નિમિત્તે
(૧૨) રૂ. ૨૦૦૦/- ઋષિરાજ શુક્લા બોપલ તરફથી
(૧૩) રૂ. ૫૦૦૦/- કલ્પેશભાઈ હર્ષદકુમાર પાઠક ગાંધીનગર
(૧૪) રૂ. ૧૦૦૦/- રાજેન્દ્રભાઈ પંડ્યા તરફથી
(૧૫) રૂ. ૫૦૦૧/- કૃતિબેન વૈભવ કુમાર દવે
(૧૬) રૂ. ૨૫૦૧/- મિરાત મહેશકુમાર દવે અમદાવાદ
(૧૭) રૂ. ૧૧૧૧/- શ્યામસુંદર ભાઈ જોશી
(૧૮) રૂ. ૧૦૦૧/- દિલીપકુમાર કાશીનાથ શુક્લ
(૧૯) રૂ. ૨૫૦૦/- કામિનીબેન જયેશભાઈ ત્રિવેદી
(૨૦) રૂ. ૧૫૦૦/- ભાવેશા હીરકકુમાર પંડ્યા
(૨૧) રૂ. ૧૦૦૧/- ગુપ્ત દાન
(૨૨) રૂ. ૧૫૦૦/- યોગેશકુમાર જી. શુક્લ, અંકલેશ્વર
(૨૩) રૂ. ૫૦૦૧/- સ્વ. વસંતરાય આર દવે અને મૃદુલાબહેન વસંતરાય દવે તરફથી હસ્તે વિપુલ વી દવે (અમદાવાદ)
(૨૪) રૂ. ૩૫૦૦/- કમલેશ પી શુકલ (અમદાવાદ)
(૨૪) રૂ. ૧૧૦૦/- પારુલ બેન વિનયકાન્ત દવે (અમદાવાદ)
(૨૫) રૂ. ૧૨૫૦૦/- ગુપ્ત દાન
(૨૬) રૂ. ૧૦૦૧/- સ્વ. સુરેશચંદ્ર હરગોવનદાસ પંડ્યા ના સ્મરણાર્થે હસ્તે જીજ્ઞેશ સુરેશચંદ્ર પંડ્યા, ગાંધીનગર
(૨૭) રૂ. ૧૦૦૦/- દર્શનાબેન શુક્લ
(૨૮) રૂ. ૫૦૦૦/- ડૉ. મહેશભાઈ શુક્લ લુણાવાડા
(૨૯) રૂ. ૧૦૦૧/- ભાવેશભાઈ ચંદ્રકાન્ત પાઠક
(૩૦) રૂ. ૫૦૦૧/- પુજ્ય પિતાજી સ્વ.કમળાશંકર પંડ્યા, પુજ્ય માતાજી સ્વ. હંસાબેન, વ્હાલી સ્વ. પત્ની નિમિષા (મૂળ વતન ગોઠીબ) હસ્તે રાજેશ પંડ્યા 'રાજ'
(૩૧) રૂ. ૫૦૦૧/- સ્વ. પ્રમોદરાય મનસુખરામ પાઠક અને સ્વ. વીરબાળા બહેન પ્રમોદ રાય પાઠક તરફથી અન્ન સહાય માટે હસ્તે વિપુલ વી દવે
(૩૨) રૂ. ૧૧૦૦/- સ્વ.સુરેશભાઈ હરગોવનદાસ પંડ્યા ની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે સુધાબેન સુરેશચંદ્ર પંડ્યા
(૩૩) રૂ. ૧૦૦૧/- નિભીવ ઈશાન શુક્લ

આભાર સહ.

શ્રી ધ્રુવભાઈ જોષી (પ્રમુખ)
(મો. ૯૯૦૯૯૪૯૪૬૦)

શ્રી યોગેશભાઈ શુક્લ (મંત્રી)
(મો. ૯૮૨૪૦૫૮૭૯૯)

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ISO 9001 : 2015 CERTIFIED

Donald Kids

Nursery, Junior KG, Senior KG

(English, ગુજરાતી Medium)

Managing Committee

- Mrs. Smita Joshi
- Mrs. Bhagyashree Joshi

Opp. Yash Complex, Nr. Pushpam Society,
Opp. Shivam Party Plot, Gotri, Vadodara.

MALHAAR
SPORTS ACADEMY

CRICKET
FOOTBALL
TENNIS
BADMINTON

- *Coaching*
- *Box Cricket*
- *Corporate Booking*
- *Tournaments*

PROPRIETOR : BHAUMIK JOSHI

C/o. Shivam Party Plot
Opp. Shree Vidhyamandir Vidhyalaya, Gotri, Vadodara

ગુજરાતમાં વધતા સાયબર ફ્રોડ : 40+ નાગરિકો માટે ચેતવણી અને માર્ગદર્શન

સમીરભાઈ જે. પંડ્યા

આજના સમયમાં મોબાઈલ, ઇન્ટરનેટ, UPI, ઑનલાઇન બેન્કિંગ અને સોશિયલ મીડિયા આપણા જીવનનો અનિવાર્ય ભાગ બની ગયા છે. પહેલાં જ્યાં બેન્ક, વીજબીલ કે સરકારી કામ માટે ઓફિસે જવું પડતું હતું, આજે એ જ કામ મોબાઈલ પર થઈ જાય છે. પરંતુ આ સુવિધાઓ સાથે એક ગંભીર સમસ્યા પણ વધી છે – **સાયબર ફ્રોડ**. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં સાયબર છેતરપિંડીના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે, જેમાં ખાસ કરીને 40 વર્ષથી ઉપરના નાગરિકો વધુ શિકાર બની રહ્યા છે.

સાયબર ફ્રોડ શું છે?

ઇન્ટરનેટ, મોબાઈલ, ATM, UPI અથવા કમ્પ્યુટર મારફતે થતી કોઈપણ પ્રકારની છેતરપિંડીને સાયબર ફ્રોડ કહેવામાં આવે છે. આજના સાયબર ગુનેગારો માત્ર ટેક્નિકલ રીતે નહીં, પરંતુ માનસિક રીતે પણ લોકોને ડરાવીને કે લલચાવીને ફસાવે છે.

ગુજરાતમાં જોવા મળતા સામાન્ય સાયબર ફ્રોડ

OTP અને KYC અપડેટના નામે થતો ફ્રોડ આજે સૌથી વધુ જોવા મળે છે. “તમારું ખાતું બ્લોક થશે”, “ATM બંધ થઈ જશે” જેવા ડરામણા મેસેજથી લોકો OTP આપી દે છે અને ખાતામાંથી પૈસા ખાલી થઈ જાય છે. UPI અને QR કોડ ફ્રોડ પણ ખૂબ સામાન્ય બન્યા છે. ખાસ કરીને વસ્તુ વેચતી વખતે “QR સ્કેન કરો, પૈસા આવશે” કહીને લોકો પાસેથી પૈસા ઉપાડી લેવામાં આવે છે.

ફેક લોન એપ દ્વારા તરત લોન આપી પછી ભારે વ્યાજ અને બ્લેકમેલ કરવામાં આવે છે. ઑનલાઇન શોપિંગમાં સસ્તા ભાવ બતાવી એડવાન્સ પેમેન્ટ લઈ સામાન ન મોકલવો, લોટરી કે ઇનામના નામે લાખોની છેતરપિંડી કરવી, સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક કરી મિત્રો પાસેથી પૈસા માગવા, ફેક નોકરી અને ફેક ઇન્વેસ્ટમેન્ટ સ્કીમ – આ બધા હવે સામાન્ય બની ગયા છે.

નવો અને અત્યંત ખતરનાક ફ્રોડ : ડીજીટલ એરેસ્ટ

છેલ્લા સમયમાં ગુજરાતમાં **ડીજીટલ એરેસ્ટ** નામનો નવો અને ગંભીર સાયબર ફ્રોડ સામે આવ્યો છે. આ ફ્રોડમાં ગુનેગાર પોતાને CBI, પોલીસ, કસ્ટમ્સ અથવા કોર્ટના અધિકારી તરીકે ઓળખાવે છે. તેઓ ફોન અથવા વીડિયો કોલ કરીને કહે છે કે “તમારા આધાર નંબર, મોબાઈલ નંબર કે બેન્ક ખાતું ગેરકાયદેસર પ્રવૃત્તિમાં વપરાયું છે.”

પછી વ્યક્તિને કહેવામાં આવે છે કે, “તમે હાલ ડીજીટલ એરેસ્ટ હેઠળ છો. ફોન કાપશો નહીં, કોઈને વાત કરશો નહીં.” ડર અને ગભરાટમાં વ્યક્તિ કલાકો સુધી ફોન પર જ રહે છે અને પછી “કેસ સેટલ કરવા” અથવા “વેરિફિકેશન”ના નામે પૈસા ટ્રાન્સફર કરાવી લેવાય છે.

ખાસ ધ્યાન રાખશો: ભારતમાં કોઈપણ પોલીસ, CBI કે કોર્ટ ફોન અથવા વીડિયો કોલ દ્વારા એરેસ્ટ કરતી નથી. "ડીજીટલ એરેસ્ટ" નામની કોઈ કાયદેસર પ્રક્રિયા નથી – આ સંપૂર્ણ ફ્રોડ છે.

40+ વયના લોકો કેમ વધુ ફસાઈ જાય છે?

આ વયના લોકો સામાન્ય રીતે સરકારી નામ સાંભળતાં ડરી જાય છે, ટેક્નોલોજી પર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે અને તરત પરિવાર કે બાળકો સાથે ચર્ચા કરતા નથી. આ જ બાબત સાયબર ગુનેગારો માટે તક બની જાય છે.

સાયબર ફ્રોડથી બચવાના સોનેરી ઉપાય

- OTP, PIN, CVV, પાસવર્ડ ક્યારેય કોઈને ન આપો
- પોલીસ, CBI કે કોર્ટ ક્યારેય ફોન પર પૈસા નથી માંગતી
- અજાણ્યા લિંક/એપ્લિકેશન ક્લિક કે ડાઉનલોડ ન કરો. અજાણ્યા QR કોડ અને એપથી દૂર રહો
- બેન્ક/સરકારી સંસ્થા ક્યારેય ફોન પર પૈસા માંગતી નથી કે OTP નથી પૂછતી, શંકા આવે તો તરત પરિવારજનો કે બેન્કનો સંપર્ક કરો.
- દરેક ખાતા માટે strong પાસવર્ડ રાખો અને સમયાંતરે બદલતા રહો.
- ડર નહીં, વિચાર કરીને નિર્ણય લો

ફ્રોડ થાય તો શું કરવું?

ઘબરાશો નહીં. તરત જ **1930 સાયબર હેલ્પલાઇન** પર કોલ કરો અથવા **cybercrime.gov.in** પર ફરિયાદ નોંધાવો. વહેલી ફરિયાદથી પૈસા બચવાની શક્યતા વધે છે.

અંતિમ સંદેશ

સાયબર ગુનેગારો ડર અને લાલચનો ઉપયોગ કરે છે. ખાસ કરીને "ડીજીટલ એરેસ્ટ" જેવી નવી રીતોથી સાવધાન રહેવું જરૂરી છે. યાદ રાખો –
"જાગૃતિ, સમજ અને શાંતિ – આ ત્રણેય સાયબર સુરક્ષાની સૌથી મોટી ઢાલ છે."

☞ આ લેખ ખાસ કરીને 40+ વયના વાચકોને ચેતવવા માટે છે કે કોઈ પણ જાતની લાલચ કે લોભમાં પડ્યા વગર "જાગરૂકતા" જ સાયબર ગુનામાંથી બચવાનો એકમાત્ર ઉપાય છે."

શ્રદ્ધાંજલિ

પ્રતિક્ષા મુકેશ પુરોહિત

અવસાન તા. ૨૮-૦૨-૨૦૧૪

દેહથી ભલે વિદાય થયા પણ
આત્માની સમીપ છો,
દેહ માટીમા મળે છે, પણ માનવનું નામ જીવે છે.
આપનું નામ અને કર્મ અમારા જીવનમાં પ્રેરણાદાયી
બની રહે, પ્રભુ આપનાં દિવ્ય આત્માને પરમ શાંતિ
અર્પે એ જ પ્રાર્થના.

મુકેશ પુરોહિત
દિશા પુરોહિત(દીકરી), પુર્વી જય મહેતા (દીકરી)

નવેમ્બર, ડિસેમ્બર ૨૦૨૫, જાન્યુઆરી, ફેબ્રુઆરી ૨૦૨૬ અવસાન નોંધ

(૧) સ્વ. જયાલક્ષ્મીબેન જગદીશચંદ્ર શુક્લ, અમદાવાદ

(૨) સ્વ. હર્ષદભાઈ હરિહરભાઈ જોશી, અમદાવાદ

(૩) સ્વ. શૈલેશકુમાર રતિલાલ ભટ્ટ, કોયલી / ગાંધીનગર

(૪) સ્વ. હિમાંશુભાઈ ચંદ્રકાંત જોષી, અમદાવાદ

(૫) સ્વ. કૃણાલ જગદીશભાઈ જોશી, નડિયાદ

(૬) સ્વ. જિતેન્દ્રકુમાર લાભશંકર જોષી, શહેરા

(૭) સ્વ. પ્રશાંતકુમાર રમેશચંદ્ર શુકલ, અમદાવાદ

(૮) સ્વ. તેજસ પ્રદિપભાઈ પાઠક, ગોધરા

(૯) સ્વ. ચંદ્રિકાબેન મધુસૂદનભાઈ પંડ્યા, ડાકોર

(૧૦) સ્વ. ભાસ્કરરાય છોટાલાલ શુક્લ, વડોદરા

(૧૧) સ્વ. પંકજભાઈ રામપ્રસાદ શુક્લ, દેવગઢ બારીયા

(૧૨) સ્વ. પૂર્ણિમાબેન (નલીનીબેન) બિપીનચંદ્ર પંડિત, મહુધા

(૧૩) સ્વ. મંજુલાબેન રમેશચંદ્ર જોષી, મુંબઈ

(૧૪) સ્વ. તૃપ્તિબેન ભાવિનભાઈ પુરોહિત, અમદાવાદ

(૧૫) સ્વ. ગિરીશચંદ્ર બાલમુકુન્દ શુક્લ, અમદાવાદ

(૧૬) સ્વ. સાધનાબેન ઉપેન્દ્રભાઈ શુક્લ,

(૧૭) સ્વ. કોકિલાબેન ભાનુપ્રસાદ જોષી, કાલોલ

(૧૮) સ્વ. દિનેશ્વર ભટ્ટ, અમદાવાદ

(૧૯) સ્વ. હંસાગૌરી જનકરાય શાસ્ત્રી, વડોદરા

(૨૦) સ્વ. તરલાબેન કિરીટભાઈ દવે, અમદાવાદ

(૨૧) સ્વ. સુધાબેન દિનેશચંદ્ર જોષી મહુધા/ લંડન

(૨૨) સ્વ. પારૂલબેન નિરંજનભાઈ ઉપાધ્યાય, વનોડા/ વડોદરા

(૨૩) સ્વ. યોગીનભાઇ હરિદત્તભાઈ શુક્લ, કાલોલ

(૨૪) સ્વ. પ્રજ્ઞાબેન રાકેશભાઈ શુક્લ, અમદાવાદ

(૨૫) પ.પૂ. મહંત શ્રી સ્વ. દિલિપભાઈ હિંમતલાલ જોષી, ગોધરા

(૨૬) સ્વ. અર્ચિતકુમાર પંકજભાઈ શુક્લ, લુણાવાડા

(૨૭) સ્વ. મંગળાબેન યદુનાથ પંડિત, મુંબઈ

(૨૮) સ્વ. ઉષાબેન સુરેશચંદ્ર પાઠક, વડોદરા

(૨૯) સ્વ. જયકૃષ્ણ રસેશકુમાર શાસ્ત્રીજી, વિસનગર

(૩૦) સ્વ. શ્રી પ્રધ્યુમ્નભાઈ ભલાશંકર જોષી, અમદાવાદ

(૩૧) સ્વ. ભાલચંદ્રભાઈ જેઠાલાલ દવે, ધનસુરા

(૩૨) સ્વ. વિજયકુમાર અંબાલાલ પુરોહિત, પીપળજ/ અમદાવાદ

(૩૩) સ્વ. દેવેશકુમાર વિષ્ણુપ્રસાદ પાઠક, અમદાવાદ

(૩૪) ડૉ. રાજેશકુમાર મોહનલાલ પુરોહિત, વડોદરા

(૩૫) સ્વ. દેવદત્તભાઈ પુજાલાલ જોષી, કાલોલ

સૌરાષ્ટ્ર કચ્છ :-

(૧) સ્વ. મનસુખભાઈ છગનલાલ જોષી, (પૂર્વ શ્રમમંત્રી), રાજકોટ

(૨) સ્વ. ચંદ્રિકાબેન પ્રાણશંકર જોષી, અનિડા વાછરા

(૩) સ્વ. પ્રવિણચંદ્ર ભાનુશંકર પાઠક, રાજકોટ

(૪) સ્વ .નિર્મળાબેન લાભશંકર દવે, દાત્રાણા

(૫) સ્વ. લિલાવંતીબેન હરસુખલાલ પંડ્યા, રામેશ્વર/ અમદાવાદ

(૬) સ્વ. શ્રધ્ધાબેન ગિરીશ કુમાર દવે, વીરપુર શેખવા

(૭) સ્વ. મુકુંદરાય અંબાશંકર ભટ્ટ, ધોરાજી

(૮) સ્વ. બળવંતરાય જયસુખલાલ મહેતા, સાંગણવા

(૯) સ્વ. કનકરાય મૂળશંકર પુરોહિત, નોંજણવાવ/ ગાંધીનગર

(૧૦) સ્વ. ભાનુશંકર દેવશંકર જોષી, કોઠારીયા

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત અવસાન પામેલ સ્વજનોને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવે છે અને પરમકૃપાળુ પરમાત્મા તેમને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

"સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ ગૃપ

"કોઈપણ ખર્ચ વગર સમસ્ત શ્રીગૌડ જીવનસાથી Free વોટસ એપ ગ્રૂપ માં જોડાવવા માટે આમંત્રણ" શ્રીગૌડ બ્રાહ્મણ દીકરા દીકરીઓ ના વિવાહ શ્રીગૌડ સમાજમાં થાય તે શુભ હેતુથી સમસ્ત શ્રીગૌડ સમાજ ના જુદા જુદા પક્ષના પ્રતિનિધિઓના સાથ અને સહકારથી "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ બાયોડેટા ગ્રૂપ શરૂ કરવામાં આવેલ છે. નિઃશુલ્ક (FREE) સેવા આપવામાં આવી રહેલ છે.

બાયોડેટા, એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે ગ્રૂપમાં બાયોડેટા મૂકવા માટે મુખ્ય વ્યક્તિનો વોટ્સએપ નંબર અને બાયોડેટા એક ફોટા સાથે કોઈપણ એડમીનને મોકલી આપવાનો રહેશે.

બાયોડેટાની પીડીએફ ફાઈલનું નામ નીચે પ્રમાણે આપવાનું રહેશે.

➡ સૌપ્રથમ યુવક / યુવતી નું નામ, પછી જન્મનું વર્ષ અને છેલ્લે શહેર/ ગામનું નામ. દા.ત. bhavin.1996.ahmedabad kajal.2001.surat

સભ્યો દ્વારા ફરજિયાત બાયોડેટા મૂકવા માટે ગ્રૂપ દર મહિનાના ચોથા શનિવાર અને રવિવાર આ બે દિવસ ખુલ્લું મૂકવામાં આવે છે. દર મહિને બાયોડેટા પુનરાવર્તિત થાય છે. તમારા દીકરા કે દીકરી માટે યોગ્ય પાત્ર શોધતા હોવ તો નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવો.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬
(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭
(૩) શ્રી પ્રવિણભાઇ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭
(૪) ડૉ. પ્રિતેશભાઈ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧
(૫) શ્રી પ્રશાંતભાઈ પાઠક (વડોદરા) - ૮૩૨૦૬૨૭૨૮૦
(૬) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪
(૭) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮
(૮) શ્રી ઉદયભાઈ શાસ્ત્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯
(૯) શ્રી આશિષભાઈ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧
(૧૦) શ્રી સંજયભાઈ જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯
(૧૧) શ્રી બંકિમભાઈ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬
(૧૨) શ્રી ધ્રુવભાઈ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩
(૧૩) શ્રી જીજ્ઞેશભાઈ પંડિત - (અમદાવાદ) ૯૦૯૯૦૨૯૦૭૯
(૧૪) સુશ્રી કૃપાબેન પાઠક (અમદાવાદ) ૯૫૩૭૬૫૨૪૫૨

આ શુભ કામમા સહભાગી થવા માટે આપના બધાજ શ્રીગૌડ સમાજના અને પારિવારિક ગૃપમાં તેમજ દરેક સગાં સંબંધીઓને આ મેસેજ ફોરવર્ડ કરશો. વિના સહકાર નહીં ઉધ્ધાર.

|| जय श्री महालक्ष्मी माता प्रसंन्नोस्तुः ||

સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી

પ્રમુખ શ્રી ધ્રુવભાઈ જે. જોષી, વડોદરા
મંત્રી શ્રી યોગેશ કે શુકલ ,અમદાવાદ
ખજાનચી શ્રી વિનીતભાઈ દવે, અમદાવાદ

તંત્રી, શ્રીગૌડ જાગૃતિ - શ્રી રાજેશ પંડ્યા ' રાજ' (અમદાવાદ)

ટ્રસ્ટી મંડળ

(૧) શ્રી ધ્રુવભાઈ જોશી, બરોડા
(૨) શ્રી જયંતભાઈ જોશી, ગાંધીનગર
(૩) શ્રી મિહિરભાઈ પંડ્યા, અમદાવાદ
(૪) શ્રી ધ્રુવભાઈ શુક્લ, અમદાવાદ
(૫) શ્રી દિગીશભાઈ દવે, અમદાવાદ
(૬) શ્રી ડૉ. મહેશભાઈ શુક્લ, લુણાવાડા
(૭) શ્રી જનકભાઈ પાઠક, લુણાવાડા
(૮) શ્રી નીરવભાઈ ઉપાધ્યાય, સેવાલિયા
(૯) શ્રી સ્મિતલભાઈ પંડિત, અમદાવાદ
(૧૦) શ્રી વિનીતભાઈ દવે, અમદાવાદ
(૧૧) શ્રી લોમેશભાઈ ઉપાધ્યાય, કોઠંબા
(૧૨) શ્રી અમિતભાઈ જોશી, અમદાવાદ
(૧૩) શ્રી વિજયભાઈ ઉપાધ્યાય, અમદાવાદ
(૧૪) શ્રી રાજેશભાઈ કે. પંડ્યા, અમદાવાદ
(૧૫) શ્રી યોગેશ શુક્લ, અમદાવાદ

કારોબારી સમિતિ - ઝોન પ્રમાણે સભ્યો

૧. અમદાવાદ/ ગાંધીનગર, ઉ.ગુ. :-

(૧) શ્રી વર્ષિલભાઈ જનકભાઈ શુક્લ, ગાંધીનગર, ૭૭૭૮૦૮૨૨૨૧
(૨) શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૮૨૪૪૯૩૦૦૯
(૩) શ્રી પ્રવિણભાઈ વાસુદેવ પુરોહિત, અમદાવાદ, મો. ૯૮૨૪૩૫૮૨૯૭
(૪) શ્રી દિગંત જોષી, અમદાવાદ, મો. ૯૮૯૮૪૨૨૭૮૧
(૫) શ્રી હાર્દિક અનિલભાઈ શુક્લ, અમદાવાદ, મો. ૯૬૬૨૫૦૯૮૭૫
(૬) શ્રી જયંતભાઈ પદમાશંકર શુક્લ, અમદાવાદ, મો. ૯૯૨૫૯૭૦૩૯૯
(૭) શ્રી જયેશભાઈ દેવપ્રસાદ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૯૦૯૯૨૫૫૧૪
(૮) શ્રી મુકેશભાઈ નટવરલાલ પુરોહિત, અમદાવાદ, મો. ૭૪૩૩૦૧૯૭૧૮
(૯) શ્રી સંદિપભાઈ પાઠક, ગાંધીનગર, મો. ૯૭૨૩૨૩૫૮૭૮
(૧૦) શ્રી પંકજભાઈ માણેકલાલ શુક્લ, અમદાવાદ, મો. ૯૮૨૫૦૦૮૧૪૪
(૧૧) શ્રી મયંકભાઈ જયંતીલાલ શુક્લ, અમદાવાદ, મો. ૯૮૨૫૦૭૪૭૪૬
(૧૨) શ્રી જિજ્ઞેશભાઈ ભાલચંદ્ર પંડિત, અમદાવાદ, મો. ૯૦૯૯૦૨૯૦૭૯
(૧૩) શ્રી રાજેશભાઈ સુરેશભાઈ પંડ્યા, અમદાવાદ, મો. ૯૯૯૮૭૧૬૫૭૭
(૧૪) શ્રી પ્રશાંતભાઈ પ્રદ્યુમનભાઈ જોષી, અમદાવાદ, મો. ૯૮૨૫૫૫૨૯૨૭
(૧૫) શ્રી ઉદયભાઈ મધુકુમાર શાસ્ત્રી, અમદાવાદ, મો. ૯૮૨૫૩૯૩૫૯
(૧૬) શ્રી હેતલભાઈ રમેશચંદ્ર શુક્લ, અમદાવાદ, મો. ૯૭૨૬૨૫૮૩૫૩
(૧૭) શ્રી કિરણભાઈ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૭૨૪૩ ૨૦૭૪૪
(૧૮) શ્રી રાજેન્દ્રભાઈ ગૌરીશંકર પંડ્યા, અમદાવાદ, મો. ૯૪૨૮૮૧૩૯૩૯

૨. ખેડા / આણંદ (નડિયાદ, ડાકોર, આણંદ, ખંભાત) :-

(૧) શ્રી ભાવિનભાઈ હરિહરભાઈ ભટ્ટ, ખંભાત, મો. ૯૮૨૫૪૩૯૭૦૭
(૨) શ્રી માર્તંડભાઈ શૈલેષભાઈ પાઠક, ખંભાત, મો. ૯૮૨૫૭૩૭૧૪૦
(૩) શ્રી ભરતભાઈ દવે, આણંદ, મો. ૯૭૨૬૧૫૭૮૮૨
(૪) શ્રી પંકજભાઈ પુરોહિત, આણંદ, મો. ૯૪૨૬૩૭૦૬૩૭
(૫) શ્રી હેમંતભાઈ પુરોહિત, આણંદ, મો. ૯૪૨૯૬૬૪૨૬૨

૩. વડોદરા અને છો.ઉ. જિલ્લો (વડોદરા, સાવલી) :-

(૧) શ્રી ઉમેશ ચીમનલાલ પંડ્યા,વડોદરા, મો. ૯૪૨૭૩૪૬૬૯૯
(૨) શ્રી આશિષભાઈ દિનેશભાઈ પાઠક, વડોદરા, મો. ૯૪૨૭૭૧૭૮૯૧
(૩) શ્રી મહેન્દ્રભાઈ જયંતીલાલ પુરોહિત, વડોદરા, મો. ૯૪૨૭૭૮૬૨૬૪
(૪) ડૉ. વિમલભાઈ રમણલાલ ત્રિવેદી, વડોદરા, મો. ૯૧૭૩૭૧૨૩૯૧
(૫) શ્રી ભાર્ગવ બિપીનચંદ્ર વૈદ્ય, વડોદરા, મો. ૯૯૨૫૦૩૬૩૧૯
(૬) શ્રી સાગરભાઈ નગીનપ્રસાદ પંડ્યા, વડોદરા, મો. ૯૮૨૫૦૭૫૦૩૪
(૭) શ્રી જયેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ દવે, વડોદરા, મો. ૯૪૨૯૪૨૬૨૨૩
(૮) શ્રી નિશાંતભાઈ રમેશભાઈ પુરોહીત, મો. ૯૮૭૯૫૨૮૫૧૦
(૯) શ્રી સૌમિલભાઈ હરેન્દ્રભાઈ શુક્લ, વડોદરા, મો. ૯૭૧૨૪૭૮૮૭૯
(૧૦) શ્રી ભગવતભાઈ બાલકૃષ્ણ પાઠક, વડોદરા, મો. ૯૯૦૯૦૦૮૨૧૧

૪. દક્ષિણ ગુજરાત (ભરુચ, સુરત, વલસાડ, નવસારી) :-

(૧) શ્રી સુનિલકુમાર રમેશચંદ્ર ઉપાધ્યાય, ભરૂચ, મો. ૯૩૭૭૪૩૪૧૬૧
(૨) શ્રી પ્રિતેશભાઈ રોહિતભાઈ શુક્લ, નવસારી, મો. ૯૪૨૭૧૫૩૦૭૧
(૩) શ્રી તેજસભાઈ નિરંજનભાઈ શુક્લ, સુરત, મો. ૯૯૯૮૨૨૧૨૫૦
(૪) શ્રી હરદીપભાઈ મુકુંદરાય પાઠક, સુરત, મો. ૯૮૨૪૩૯૧૪૭૫

૫. મહિસાગર, પંચમહાલ, દાહોદ, અરવલ્લી (દાહોદ,ગોધરા, કાલોલ, શહેરા, લુણાવાડા, વીરપુર, કોઠંબા) :-

(૧) શ્રી અંકુર હરીશભાઈ ઉપાધ્યાય, કાલોલ મો. ૯૮૨૫૫૨૪૫૪૫
(૨) શ્રી પ્રજ્ઞેશ રજનીકાંત જોષી, કાલોલ મો. ૯૯૭૮૭૮૭૫૮
(૩) શ્રી જીજ્ઞેશ અશોકભાઈ પાઠક, શહેરા/ગોધરા, મો. ૯૮૨૫૮૬૬૩૭૯
(૪) શ્રી ભૃગુભાઈ શીવશંકર પાઠક, શહેરા,
(૫) શ્રી નિતીનકુમાર રમણલાલ દવે, દાહોદ, મો.૯૨૨૮૩૨૯૯૧૧

૬. મહિલા સભ્યો :-

(૧) શ્રીમતી સ્મિતાબેન વિનાયકભાઈ શુક્લ, ગોધરા, મો.
(૨) શ્રીમતી પલ્લવીબેન કૌટિલ્ય શુક્લ, વડોદરા, મો. ૯૪૨૯૯૨૮૧૦૦
(૩) શ્રીમતી પારૂલબેન વિનયકાન્ત દવે, અમદાવાદ, મો. ૯૭૨૭૯૫૩૭૧૪
(૪) શ્રીમતી કૃપાબેન કૌશિકભાઈ પાઠક, અમદાવાદ, ૯૫૩૭૬૫૨૪૫૨
(૫) સુશ્રી કાશ્મિરાબેન મૌલેશભાઈ પાઠક, ગોધરા, મો. ૯૮૨૫૦૩૬૮૦૦
(૬) શ્રીમતી સોનિયાબેન કલ્પેશભાઈ પાઠક, ગાંધીનગર, મો. ૮૩૨૦૪૮૩૯૭૭

૨. સલાહકાર સમિતિ :-

(૧) શ્રી કમલેશભાઈ શીવશંકર પાઠક, અમદાવાદ, મો. ૯૪૨૬૫૧૧૪૭૨
(૨) શ્રી કુમુદભાઈ અંબાલાલ દવે, અમદાવાદ, મો. ૯૮૨૫૫૧૦૭૯૨
(૩) શ્રી અનંતભાઈ રણછોડભાઈ શુક્લ, અમદાવાદ, મો. ૯૪૨૭૫૨૩૬૯૧
(૪) શ્રી રઘુભાઈ હરીહરભાઈ જોષી, વલ્લભ વિદ્યાનગર/ આણંદ, મો. ૯૪૨૬૫૪૩૮૦૭
(૫) શ્રી હરેશભાઈ નટવરલાલ પંડ્યા, નડિયાદ, મો. ૯૪૨૯૩૨૬૭૩૭
(૬) શ્રી હરીશભાઈ સોમેશ્વર ઉપાધ્યાય, કાલોલ, મો. ૯૯૭૯૨૦૯૮૫૮

માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ

શ્રીગૌડ જાગૃતિ મા આપ જે માહિતી અથવા સાહિત્ય પ્રકાશિત કરવા માંગતા હોવ તે સંપાદક ને પહોંચાડવા માટે આ QR Code સ્કેન કરી ને જે ગૂગલ ફોર્મ ખુલે તે ભરીને સબમિટ કરશો.

આ ગૂગલ ફોર્મ શ્રીગૌડ જાગૃતિ ના આગામી પ્રકાશિત થનારા અંક માં આપ કોઈપણ સમાચાર (લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર, ચૌલ સંસ્કાર, શ્રદ્ધાંજલિ સમાચાર, બઢતી અથવા સિદ્ધિ ના સમાચાર, વિશેષ ક્ષેત્ર માં મેળવેલ સિદ્ધિ , સન્માન, બહુમાન, ને લગતી માહિતી સમાજ ના મુખપત્ર માં પ્રકાશિત કરવા ઇચ્છતા હોવ તો આ ગૂગલે ફોર્મ ના માધ્યમ થી શ્રીગૌડ જાગૃતિ ના સંપાદક મંડળ ને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપ ની કોઈ સાહિત્યિક રચના / લેખ, કવિતા સામાજિક સંદેશ પ્રકાશિત કરવા માંગતા હોવ તો તે પણ આ ગૂગલ ફોર્મ સાથે મોકલી આપવા વિનંતી. પ્રસંગ ને અનુરૂપ ફોટોગ્રાફ અથવા કોઈ ડોક્યુમેન્ટ મોકલવા માંગતા હોવ તો તે પણ અટેચ કરી મોકલી શકો છો.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

જો કોઈ ડોક્યુમેન્ટ અથવા ફોટોગ્રાફ અથવા pdf સાથે વિગત આપવાની હોય તો ફાઈલ / ફોટોગ્રાફ અહીંયા અટેચ કરો (5 ફાઈલ અને 10 MB ટોટલ સાઈઝ - word, excel, drawing કે pdf અપલોડ કરી શકાશે.)

આપણા સમાજના ઉત્કર્ષ માટે અને સમાજના સભ્યો એકબીજા ની નજીક આવે અને સંગઠન ની ભવન વધુ મજબૂત બને તેવા ભાવ ને ગુણિત કરવામાં આપનું આ પ્રતિભાવ / યોગદાન અમૂલ્ય છે. સમાજ ના વિકાસ માટે આપ તત્પર રહો અને સમાજ ના પડખે ઉભા રહો તેવી શુભકામના સાથે આપનો ખુબ આભાર.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં તંત્રી મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રીશ્રીનો રહેશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત

ધ્રુવકુમાર જોશી	**યોગેશ શુક્લ**	**જયંત જોષી**	**રાજેશ પંડ્યા'રાજ'**
પ્રમુખ	**મંત્રી**	**ઉપપ્રમુખ**	**તંત્રી અને સહમંત્રી**

ઑફિસ : સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત

સી-૨૧૨, દેવ ઓરમ, આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ.